અંગ્રેજી ભાષાંતરપાઠમાળા.

ભાગ પહેલો.

કીમત આ૦ ।=

The Department of Public Instruction, Bombay.

ENGLISH EXERCISES,

PART I.

BY

REV. T. L. WELLS, B.A.

THIRD EDITION.

SANCTIONED FOR
STANDARD II. OF ANGLO-GUJARATI SCHOOLS.

અંગ્રેજી ભાષાંતરપાઠમાળા,

ભાગ પહેલો.

બનાવનાર

રેવરન્ડ ટી. એલ્. વેલ્સ, બી. એ.

આવૃત્તિ ત્રીજી—૫૦૦૦ પ્રત.

અંગ્લોગુજરાતી નિશાળોના બીજા ધોરણને માટે આ પુસ્તક
મંજુર કરેલું છે.

Bombay:
GOVERNMENT CENTRAL BOOK DEPÔT.

1877.

Price Annas (6) Six.

Registered under Government of India's Act XXV. of 1867.

સને ૧૮૬૭ ના ૨૫ મા આક્ટ પ્રમાણે રજીસ્ટર કરેલું છે.

A HINT TO TEACHERS.

I wish to direct the attention of teachers to a peculiarity of the vocabulary which I regard as a matter of importance and which nevertheless might escape the notice of a casual reader. The characteristic I refer to is that every English common noun is given with its appropriate article, and not as in common dictionaries without any article at all. The omission of the article is the most frequent mistake made for several years after boys begin to learn English; but this would not be the case were they properly taught from the first. Every effort should be made to make learners feel the necessity of placing an article before the names of the individual members of general classes. Instead of this the present plan tends to *prevent* learners acquiring a knowledge of the necessity of the article. A teacher asks a boy what the English of ઘોડો is, and if the boy answers "horse," the teacher says yes. And then the boy, being thus *taught to omit* the article, naturally enough reads "હું ઘોડો જોઉંછું," "I see horse." Now, there is no such thing in creation as "horse." "A horse" has a meaning and so has "the horse;" so also "horses" and "the horses" are intelligible terms, but the word horse alone has no meaning to English ears whatever, and suggests nothing so much as that the utterer of it does not know English.

When a boy is asked therefore to give the English word for ઘોડો, he should be taught to say "a horse"; and when he replies "horse," and on all occasions when he uses a class term without an article, the teacher should *stare at him in astonishment* as if he had uttered some unintelligible sound. Were this plan adopted, the boys of the class would soon perceive the necessity of the article and in a short time would use it, as it were intuitively, as English boys do.

So also with nouns requiring the definite article. The boys of the class should never be allowed to name the noun without the article. For instance, when the teacher asks the English word for પૃથ્વી, the answer "earth" should not be accepted. "Earth" means મટોડી, and the equivalent of પૃથ્વી is *the* earth, and so the boys should be taught to say.

On this principle therefore I give the article with every noun, and boys should be made to commit all meanings in the same way.

પહેલી આવૃત્તિની પ્રસ્તાવના.

પરભાષામાં લખેલી વાત સમજવી એ ઘણી મુશકેલ નથી, પણ પરભાષામાં પોતાના વિચાર શુદ્ધ રીતે જણાવવા એ ખરેખરૂં અઘરૂં છે; તોપણ જ્યાં સુધી ભાષા શુદ્ધ લખતાં ન આવડે ત્યાં સુધી ભાષા આવડી ન કહેવાય. એ ઉપરથી જણાય છે કે જે સજ્જનો અંગ્રેજી ભણે છે, તેઓએ અંગ્રેજીમાં રચનાં શીખવું જોઈએ. નહીં શીખે તો તેઓનો અભ્યાસ ઘણોજ કાચો રહેશે. ગુજરાતી વાકયના તરજુમા અંગ્રેજીમાં કરાવ્યા વગર કોઈ પણ ઇંગ્લિશ સ્કુલમાં ચાલતું નથી. પણ એવો અભ્યાસ કરવાની એકે ચોપડી આજ લગણ બહાર પડી નથી. વ્યાકરણ શીખવું હોય તો વ્યાકરણનું પુસ્તક છે, બીજગણિત શીખવું હોય, તો બીજગણિતનું પુસ્તક મળે, ભૂતળવિદ્યા સમ્પાદન કરવી હોય તો તેનું પુસ્તક પણ તયાર થયું છે; પણ અંગ્રેજીમાં રચતાં શીખવું હોય તો એકે પુસ્તક મળતું નથી. આ આપણી નિશાળોમાં મોટી ખામી મને જણાઈ. તેને દૂર કરવા સારૂ અંગ્રેજી ભાષાંતરપાઠમાળા એવાં નામના કેટલાંએક પુસ્તક રચવાનો મનસુબો કીધો. આ તેમાંનું પહેલું પુસ્તક છે. અંગ્રેજી શીખનારને શુરૂજ કરતાં કામમાં આવે એવી આ ચોપડી નથી. તેમાંના બધા અભ્યાસપાઠ શીખનારે લખવાના છે માટે પહેલાં અંગ્રેજી લખતાં આવડવું જોઈએ, પણ જેણે સરકારી પ્રિમર કે કોઈ પણ નાની ચોપડીનો અભ્યાસ કીધો હોય તેને બધી વાતની સમજ પડે એવાં સાદાં વાકય દાખલ કરેલાં છે.

જેનો તરજુમો અંગ્રેજીમાં કરવો છે એવા અભ્યાસપાઠ સાથે બોધપાઠ પણ આવે છે, કે જેમાં પૂરતો ખુલાસો ઉદાહરણો સહિત કરેલો છે. વળી વાકયમાં આવનારા શબ્દના અર્થ મથાળે આપેલા છે, અને પાછળના

શબ્દના અર્થ ભૂલી ગયા હોય ત્યારે ગુચવણ ન પડે માટે સઘળા પાઠના શબ્દ મૂળાક્ષરને અનુક્રમે પુસ્તકને છેડે ગોઠવેલો કોષ આપ્યો છે. તરજુમો લખવા બેસતાં અગાઉ તેને લગતા બોધપાઠમાંનો ખુલાસો બરોબર સમજવો જોઇએ. આ વાત પર મહેતાજી સાહેબોએ ખૂબ ધ્યાન વુંદે જોઇએ. સમજણ પાડવા સારૂ નિશાળીઆઓને કેવા સવાલ કરવા જોઇએ એ દેખાડવા સારૂ પહેલા કેટલાક પાઠમાં પ્રશ્નો દાખલ કીધા છે.

T. L. W.

સાંકળિયું.

અંગ્રેજી ભાષાંતરપાઠમાળા.

ભાગ પહેલો.

બોધપાઠ ૧.

વર્તમાનકાળના પ્રત્યય વિષે.

THE TERMINATIONS OF THE PRESENT TENSE.

ગુજરાતીમાં જેને ક્રિયાપદ કહે છે તેને અંગ્રેજીમાં વર્બ (Verb) એટલે શબ્દ કહે છે. હરેક બોલીમાં ક્રિયાપદનું વિશેષ કામ છે. ક્રિયાપદ વગર કોઈ પણ વાક્ય જોડાય નહિ. એ ઉપરથી એનું નામ શબ્દજ પાડ્યું કેમકે તે મુખ્ય શબ્દ છે. હવે ક્રિયાપદ (Verb) એ મુખ્ય શબ્દ છે, માટે પહેલાં તેની વાત કરીએ.

૧) અંગ્રેજી ક્રિયાપદના પ્રત્યય બહુજ થોડા છે. એકવચનના બીજા તથા ત્રીજા પુરૂષના પ્રત્યય છે, પણ અનેકવચનમાં કશો પ્રત્યય નથી. જ્યાં પ્રત્યય નથી ત્યાં ક્રિયાપદનો ધાતુ એકલો આવે છે.

૨) **વર્ત્તમાનકાળના પ્રત્યય.**

એકવચન.	અનેકવચન.
હું ચાલુંછું I walk	અમે ચાલીએ છઈએ We walk
તું ચાલેછે Thou walk-est	તમે ચાલોછો You walk
તે ચાલેછે He walk-s	તેઓ ચાલેછે They walk

ક્રિયાપદ સાથે સર્વનામ પણ આપેલાં છે, તે ધ્યાનમાં લેવું.

૩) સૂચના.-પહેલાં કર્ત્તા, પછી વિશેષણ કે કર્મ, અને છેલ્લું ક્રિયાપદ, એમ ગૂજરાતીમાં વાક્ય ગોઠવાય છે. પણ અંગ્રેજી ગોઠવણીમાં એટલો ફેર છે કે, કર્ત્તા પછી ક્રિયાપદ અને છેલ્લું વિશેષણ અથવા કર્મ આવે છે.

ગૂજરાતી ગોઠવણી;—કર્ત્તા, કર્મ કે વિશેષણ, ક્રિયાપદ.

અંગ્રેજી ગોઠવણી:—કર્ત્તા, ક્રિયાપદ, કર્મ કે વિશેષણ.

૪) ઉદાહરણ.

તે સારો દોડે છે He runs well.

દલપતભાઈ ઘણાં ઘર બાંધે છે Dalpatbhai builds many houses.

૫) ઉપલી ચાર કલમમાં જે વાત આવી તે શીખનાર સમજ્યા કે નહિ એ જાણવા માટે થોડા પ્રશ્ન આપીએ છઈએ. તે પ્રશ્નના ઉત્તર ચોપડીમાં જોયા વગરજ આપવા.

૬) પ્રશ્નો.

૧. વર્ત્તમાનકાળમાં અંગ્રેજી ક્રિયાપદના કયા કયા પ્રત્યય થાય છે?
૨. એકવચનના બીજા પુરૂષનો કયો પ્રત્યય છે?
૩. એકવચનના ત્રીજા પુરૂષનો કયો પ્રત્યય છે?
૪. Est અને s સિવાય વર્ત્તમાનકાળે બીજા પ્રત્યય નથી શું?
૫. કયા કયા રૂપને (વચન અને પુરૂષને) પ્રત્યય નથી લાગતા?
૬. પ્રત્યય ન હોય ત્યારે કેમ કરવું?
૭. હું, તું, તે, અમે, તમે, તેઓ, એ સર્વનામનાં અંગ્રેજીમાં જે રૂપ થાય છે તે કહો.
૮. He walk કે They walks એમ બોલાય? એમાં શું ખોટું છે?

૯. ગૂજરાતી અને અંગ્રેજી વાક્ય ગોઠવવાની રીતમાં શો ફેર છે?
૧૦. વાક્ય ગોઠવવાની રીતમાં જે ફેર છે તેના બે દાખલા આપો.

૭) અભ્યાસપાઠ ૧.

નીચલા પાઠમાં જે શબ્દો આવે છે તેનું અંગ્રેજી અહિયાં આપેલું છે.

બીવું to fear	શીખવું to learn
આવવું to come	લખવું to write
સવાર થઇને જવું to ride	તે છોકરો that boy
મોકલવું to send	તે છોકરાઓ those boys
ધિક્કારવું to despise	આ છોડી this girl
બોલવું to speak	આ છોડીઓ these girls
કામ કરવું to work	જવું to go
રોજ every day	સીવવું to sew (સો)
જોવું to see	કોણ? who

અંગ્રેજી English.

આ બે પાઠમાં ૪૫ નાનાં નાનાં વાક્ય લખેલાં છે. ઉપર જે ખુલાસો આવી ગયો તે પર ધ્યાન રાખી એક એક વાક્યનો તરજુમો કોરા કાગળની ચોપડીમાં સફાઇથી લખવો.

૧. હું દોડું છું. ૨ તું બાંધે છે. ૩ તે બીહે છે. ૪ તમે આવો છો. ૫ અમે આવીએ છઇએ. ૬ તેઓ સવાર થઇને જાય છે. ૭ હું ધિક્કારૂં છું. ૮ તે દોડે છે. ૯ તેઓ દોડે છે. ૧૦ અમે બોલીએ છઇએ. ૧૧ તમે રોજ કામ કરો છો. ૧૨ તેઓ જૂએ છે. ૧૩ તું જૂએ છે. ૧૪ તે જૂએ છે. ૧૫ તે છોકરો લખેછે. ૧૬ આ છોડી વાંચે છે. ૧૭ તે છોકરાઓ જાય છે. ૧૮ આ છોડી સારૂં સીવે છે. ૧૯ કોણ બોલે છે? ૨૦ આ છોકરો બોલે છે. ૨૧ આ છોકરાઓ બોલે છે. ૨૨ હું અંગ્રેજી શીખું છું. ૨૩ તેઓ અંગ્રેજી શીખે છે. ૨૪ તે અંગ્રેજી શીખે છે.

૮) અભ્યાસપાઠ ૨.

મરાઠી Marathi	સંભાળવું to preserve
ઇશ્વર God	જાણવું to know
ભજવું to worship	મારો my
અમને us	બાપ father
પાપ sin	પાણી water
ધિક્કારવું, દુશ્મન ગણવું to hate	પીવું to drink
વાંચવું to read	દૂધ milk
ચોપડીઓ books	તે ઘોડો that horse
શિક્ષક the teacher	નિશાળે to school

બધું all. રાંધવું to cook.

૧. આ છોડીઓ મરાઠી બોલે છે. ૨ આ છોકરો અંગ્રેજી બોલે છે. ૩ અમે ઇશ્વરને ભજીએ છઇએ. ૪ ઇશ્વર અમને જૂએ છે. ૫ ઇશ્વર પાપને ધિક્કારે છે. ૬ તું અંગ્રેજી વાંચે છે. ૭ તું ચોપડીઓ વાંચે છે. ૮ તું અંગ્રેજી ચોપડીઓ વાંચે છે. ૯ મારો બાપ અંગ્રેજી જાણે છે. ૧૦ તે રોજ અંગ્રેજી બોલે છે. ૧૧ તે રોજ અંગ્રેજી ચોપડીઓ વાંચે છે. ૧૨ તે છોકરો પાણી પીએ છે. ૧૩ તે છોડીઓ દૂધ પીએ છે. ૧૪ તે ઘોડો દોડે છે. ૧૫ અમે જઇએ છઇએ. ૧૬ અમે નિશાળે જઇએ છઇએ. ૧૭ અમે રોજ નિશાળે જઇએ છઇએ. ૧૮ શિક્ષક જાય છે. ૧૯ શિક્ષક આવે છે. ૨૦ શિક્ષક અંગ્રેજી સારૂં (well) બોલે છે. ૨૧ ઇશ્વર બધું સંભાળે છે. ૨૨ મારી બેન રાંધે છે.

બોધપાઠ ૨.

અનિયમિત વર્ત્તમાનકાળનાં રૂપ વિષે.

THE PRESENT TENSE—*continued.*

૯) અંગ્રેજી ક્રિયાપદના વર્ત્તમાનકાળના જે બે પ્રત્યય (est ને s) થાય છે તે શીખનાર શીખી ગયા છે, પણ તે વિષે જેટલું જાણવાનું છે તે બધું હજી શીખ્યા નથી; બાકી જે રહ્યું તે હવે બતાવીએ છઇએ.

Ss, sh, ch, x એ વ્યંજન સાથે સ્વર વગર s જોડાય નહિ, માટે ક્રિયાપદનો અંત્યાક્ષર એમાંનો કોઈ એક હોય, તો વર્ત્તમાનકાળના ત્રીજા પુરૂષમાં s પ્રત્યયને બદલે es લખવો, જેમકે, He dress-es (તે લૂગડાં પહેરે છે), The army march-es (ફોજ કુચ કરે છે).

અંત્યાક્ષર o હોય ત્યારે પણ es જોઇયે, જેમકે, He goes (તે જાય છે).

૧૦) ક્રિયાપદનો ઉપાંત્યાક્ષર વ્યંજન અને અંત્યાક્ષર y હોય તો est અને es લગાડ્યા પહેલાં y નો i કરવો જોઇયે, જેમકે, try (પ્રયત્ન કરવું), thou tri-est, he tri-es.

વળી ભૂતકાળના પ્રત્યય ed નો પણ એજ નિયમ, he tri-ed (તેણે પ્રયત્ન કીધું*).

Dry (સૂકાવું કે સૂકાવવું) એ ક્રિયાપદના વર્ત્તમાનકાળનાં છ રૂપ:—

એકવચન.	અનેકવચન.
I dry	We dry
Thou driest	You dry
He dries	They dry

Dried (સૂકાયું કે સૂકાવ્યું).

૧૧) બોલવામાં જે ક્રિયાપદનાં છેલ્લાં પદ ઉપર ભાર આવેછે તે, તથા અંત્યાક્ષર વ્યંજન હોય અને તે પૂર્વે એકજ સ્વર હોય એવાં જે એકપદી ક્રિયાપદ, તે બંનેને est, ed, અને ing† પ્રત્યય લગાડ્યા પહેલાં અંત્યવ્યંજન બેવડો લખવો જોઇએ; પણ s પ્રત્યય લગાડતી વખત નહિ બેવડો લખવો.

Omit (પડતું મેલવું) એના વર્ત્તમાનકાળનાં છ રૂપ:—

એકવચન.	અનેકવચન.
I omit	We omit
Thou omittest	You omit
He omits	They omit
Omitted (પડતું મેલ્યું),	Omitting (પડતું મેલતાં).

* અંગ્રેજીમાં કર્તરિપ્રયોગ વગર બીજો પ્રયોગ નથી.

† ing વર્તમાન કૃદંતનો પ્રત્યય છે.

તેમ Allot (આપવું, નીમી આપવું), thou allottest, he allots, allotted (આપ્યું, નીમી આપ્યું), allotting (આપતાં, નીમી આપતાં).

Fulfil (પૂરૂં કરવું), thou fulfillest, he fulfils, fulfilled પૂરૂં કીધું), fulfilling (પૂરૂં કરતાં).

Rob (લૂટવું) એના વર્તમાનકાળનાં છ રૂપ :—

એકવચન.	અનેકવચન.
I rob	We rob
Thou robbest	You rob
He robs	They rob
Robbed (લૂટ્યું)	Robbing (લૂટતાં)

તેમ Blot (શાહીના ડાઘ પાડવા), thou blottest, he blots, blotted, blotting.

૧૨) પ્રશ્નો.

૧. વર્તમાનકાળના ત્રીજા પુરૂષનો પ્રત્યય s થાય છે તેને બદલે es ક્યારે લખવો પડે છે?

૨. s ને બદલે es લખવાનું શું કારણ જણાય છે?

૩. ed શાનો પ્રત્યય છે?

૪. est, es અને ed પ્રત્યયો લગાડ્યા પહેલાં કેટલાંક ક્રિયાપદમ અંત્યાક્ષર બદલવો પડે છે, તે કેવાં ક્રિયાપદ અને તેમાં શું બદલવું પડે છે?*

૫. ક્રિયાપદના અંત્યાક્ષર બેવડા લખવા વિષે શો નિયમ છે? એના કેટલાક દાખલા આપો.†

---

* અંગ્રેજી જોડણી વિષે એક એવો સાધારણ નિયમ છે કે y શબ્દને છેડેજ આવે, વચ્ચે ન આવે; પણ પ્રત્યય લગાડયાથી તે વચલે ભાગે આવે છે માટે એવે પ્રસંગે તેનો i કરવો પડે છે.

† અંગ્રેજીમાં બે સ્વરની વચ્ચે એકજ વ્યંજન આવેલો હોય તો, પાછલા સ્વરનો ઉચ્ચાર દીર્ઘ થાય છે, એવો સાધારણ નિયમ છે. જેમકે Thou pinest (થૌ પૈનેસ્ટ) તું ક્ષીણ થાય છે; માટે જ્યાં અસલ સ્વર હ્રસ્વ હોય ત્યાં વ્યંજન બેવડો લખવો પડે છે, જેમકે Thou pinnest (થૌ પિનેસ્ટ) તું ટાંકણી મારે છે.

૧૩) અભ્યાસપાઠ ૩.

પોતાની his	કુત્રો the dog
ચોપડીઓ books	કરડવું to bite
બરોબર મૂકવું, બરાબર ગોઠવવું to fix	મારવું to beat
બહાર out	ભીખ માગવી to beg
ધસવું to rush	કબૂલ કરવું to confess
કરવું to do	સામા થવું, બંડ ઊઠાવવું to rebel
ભડકવું to shy	મૂકવું to lay
બેસવું to sit	પક્ષી the bird
તમને you	ઉડવું to fly
રજા આપવી to permit	પ્રાર્થના કરવી to pray
મને me	સારો good
દરવાજો the door	લોક people

બંધ કરવું to shut.

૧. તે પોતાની ચોપડીઓ બરોબર ગોઠવે છે. ૨ તું ચોપડીઓ બરાબર ગોઠવે છે. ૩ તે બહાર ધસે છે. ૪ અમે બહાર ધસીએ છઇએ. ૫ તું બહાર ધસે છે. ૬ તે કરે છે. ૭ ઘોડો ભડકે છે. ૮ તું બેસે છે. ૯ તે બેસે છે. ૧૦ અમે બેસીએ છઇએ. ૧૧ બેસતો. ૧૨ હું તમને રજા આપું છું. ૧૩ તું મને રજા આપે છે. ૧૪ તે મને રજા આપે છે. ૧૫ અમે તમને રજા આપીએ છઇએ. ૧૬ તે દોડે છે. ૧૭ તમે દોડો છો. ૧૮ તું દોડે છે. ૧૯ દોડતો. ૨૦ તું દરવાજો બંધ કરે છે. ૨૧ કુત્રો મને કરડે છે. ૨૨ તું મને કરડે છે. ૨૩ તે તમને મારે છે. ૨૪ તે ભીખ માગે છે. ૨૫ તેણે ભીખ માગી. ૨૬ તું ભીખ માગે છે. ૨૭ અમે ભીખ માગીએ છઇએ. ૨૮ તે કબૂલ કરે છે. ૨૯ તું સામો થાય છે. ૩૦ તે સામો થાય છે. ૩૧ તે સામો થયો. ૩૨ તે મૂકે છે. ૩૩ પક્ષી ઉડે છે. ૩૪ તે પ્રાર્થના કરે છે. ૩૫ અમે પ્રાર્થના કરીએ છઇએ. ૩૬ સારા લોક રોજ પ્રાર્થના કરે છે.

૧૪) **અભ્યાસપાઠ ૪.**

૧. To remit (માફ કરવું)	૨. To fry (તળવું)
૩. To dig (ખોદવું)	૪. To affix (ચોંટાડવું)
૫. To say (કહેવું)	૬. To cry (રોવું)

એ ૬ ક્રિયાપદના વર્ત્તમાનકાળનાં છ રૂપ, વળી તેમનાં વર્ત્તમાનકૃદંત તથા ભૂતકૃદંત ઉપલા નમુના પ્રમાણે લખાવાં.

બોધપાઠ ૩.

To be (થવું, હોવું) ના વર્ત્તમાનકાળનાં રૂપ.

THE PRESENT TENSE OF TO BE.

૧૫) To be ક્રિયાપદ અનિયમિત કહેવાય છે, કારણ કે તેના ભૂતકાળનું તથા ભૂતકૃદંતનું રૂપ જૂદી તરેહનું થાય છે. વર્ત્તમાનકાળે તેનાં છ રૂપ નીચે આપેલાં છે.

એકવચન.	**અનેકવચન.**
૧. હું છું I am	અમે છઇએ We are
૨. તું છે Thou art	તમે છો You are
૩. તે છે He is	તેઓ છે They are

૧૬) ગુજરાતીમાં વિકારી અને અવિકારી એવા બે પ્રકારનાં વિશેષણ થાય છે, પણ અંગ્રેજીમાં બધાં વિશેષણ અવિકારી કે અવ્યય રૂપી છે. ઉદાહરણ, સારો છોકરો the good boy, સારી છોકરી the good girl, સારા છોકરા the good boys.

૧૭) સૂચના. સારૂ એ શબ્દનો અર્થ વખતે વિશેષણ જેવો અને વખતે ક્રિયાવિશેષણ જેવો થાય છે. એનો ભેદ સમજીને અંગ્રેજીમાં તેનો તરજુમો કરવો જોઇએ.

બરાબર, ઠીક, સારૂં, ક્રિયાવિશેષણ=સારી પેઠે = well
સારૂં, વિશેષણ = good

ઉદાહરણ.

આ કડિઓ સારૂં ઘર બાંધે છે	This mason builds a good house.
આ કડિઓ ઘર સારૂં (=સારી પેઠે) બાંધે છે.	This mason builds a house well.

૧૮) પ્રશ્નો.

૧. To be ક્રિયાપદને અનિયમિત કહેવાનું શું કારણ છે?

૨. તે છે અને તેઓ છે. અંગ્રેજીમાં એ કેમ બોલાય છે?

૩. ગુજરાતી વિશેષણમાં કેટલા ભેદ છે, અને અંગ્રેજીમાં કેટલા છે? તેનાં ઉદાહરણ આપો.

૪. સારો, સારી, સારૂં, એ વિશેષણ હોય છે, ત્યારે અંગ્રેજીમાં તેનો તરજુમો કેમ થાય છે? તે ક્રિયાવિશેષણ હોય છે, ત્યારે તેનો તરજુમો કેવો કરવો જોઈએ? ઉદાહરણ આપો.

૧૯) અભ્યાસપાઠ ૫.

નાનું small, little	એક one
મોટું big, large	બે two
ઘોડો the horse	થોડા a few
ઘાસ grass	બેન a sister
સુકું dry	બેનો sisters
સુકું ઘાસ hay	પડવું to fall
મારૂં my	ભાઈ a brother
ગાય the cow	પરમેશ્વર God
અહિંઆં here	મને me

ચરવું to graze	લુહારો blacksmiths
જલદી fast, quickly	ઘડવું to forge
ઘણું, મસ much	ડોસો an old man
ઉંદરો rats	લુલો lame
ઉંચું tall, high	રાજા a king
નિશાળે જવું to go to school	મેહેલ a palace
કડિયા masons	રહેવું to live, to dwell

૧ તે સારો છે. ૨ આ ચોપડી નાની છે. ૩ અમે મોટા છઇએ.
૪ તું કોણ છે? ૫ તે ઘોડો ઘાસ ખાય છે. ૬ મારો મોટો ઘોડો સૂકું
ઘાસ ખાય છે. ૭ આ ઘાસ સૂકું છે. ૮ આ ઘાસ છે. ૯ મારી
ગાય અહિંઆં છે. ૧૦ આ ગાય મોટી છે. ૧૧ આ મોટી ગાય ચરે
૫ છે. ૧૨ મારો ઘોડો જલદી દોડે છે. ૧૩ તે ઘણું કામ કરે છે. ૧૪ હું
બે ઉંદર જોઉં છું. ૧૫ રોજ હું એક ચોપડી વાંચું છું. ૧૬ અમે ઉંચા
છઇએ. ૧૭ તેઓ થોડા છે. ૧૮ મારી બેન પડે છે. ૧૯ મારી બેન
સારી છે. ૨૦ તું મારો ભાઇ છે. ૨૧ પરમેશ્વર મને જૂએ છે. ૨૨
મારી બેનો નાની છે. ૨૩ મારો નાનો ભાઇ રોજ નિશાળે જાય છે.
૧૦ ૨૪ કડિયા ઘરો બાંધે છે. ૨૫ લુહારો લોઢું ઘડે છે. ૨૬ એ ડોસા
ડોસી બહુ ભલાં છે. ૨૭ તે બહુ સારૂં કરે છે. ૨૮ આ છોકરો લુલો છે.
૧૨ ૨૯ રાજાઓ મેહેલમાં રહે છે.

૨૦) અભ્યાસપાઠ ૬.

તેનું his	સુંદર pretty
તે (વિશેષણ) that	લાલ red
તે (સર્વનામ) he	ઘોડી a mare
તેને him	છોકરૂં a child
તેઓ they	કાકો uncle
પાઠ a lesson	પૈસાદાર rich
ગરીબ poor	આપણું our

ઓળખવું to know	વાડ a hedge
અમારૂં our	વાડી a garden
ચપ્પુ a penknife	માળી a gardener
છરી a knife	બનાવવું to make
ટાઢું cold	પાણી water
દીકરા sons	દીકરો a son
ગરમ warm	દૂધ milk
ટોપલી a basket	જુવાન young
ઘઉં wheat	ભરેલી full
સુખી happy	મોંઘું dear
ખાલી empty	નોકર a servant
દેખાવું to look, to appear	માંદું ill

૧ હું તેની બેન છું. ૨ તે મારો દીકરો છે. ૩ તે છોકરો મારો છે. ૪ આ છોકરો મારી ચોપડી વાંચે છે. ૫ આ છોકરી સારૂં વાંચે છે. ૬ હું મારો પાઠ શીખું છું. ૭ તેઓ ગરીબ છે. ૮ તમે સારૂં વાંચો છો. ૯ આ કોણ છે? ૧૦ આ પરશોત્તમ છે. ૧૧ હું તેને ઓળખું છું. ૧૨ અમારા બે દીકરા સારૂં બોલે છે. ૧૩ મારો દીકરો નિશાળેપ જાય છે. ૧૪ આ ચપ્પુ તેનો છે. ૧૫ આ મારી છરી છે. ૧૬ આ છરી સારી છે. ૧૭ તેઓ સુંદર છે. ૧૮ ઈશ્વર મારો છે. ૧૯ આ લાલ છે. ૨૦ આ ઘોડો સારો છે. ૨૧ આ ઘોડી સારી છે. ૨૨ આ છોકરૂં સારૂં છે. ૨૩ મારો કાકો પૈસાદાર છે. ૨૪ આપણી વાડી સારી છે. ૨૫ આ માળી વાડી સારી બનાવે છે. ૨૬ તે માળી ૧૦ વાડ સારી બનાવે છે. ૨૭ આ પાણી ટાઢું છે. ૨૮ મારો ઘોડો જુવાન છે. ૨૯ આ ટોપલી ભરેલી છે. ૩૦ ઘઉં મોંઘા છે. ૩૧ હું સુખી છું. ૩૨ આ મારો નોકર છે. ૩૩ તે ટોપલી ખાલી છે. ૩૪ તમે માંદા દેખાઓ છો.

ચોથોપાઠ ૪.

નામનાં અનેકવચન રૂપ વિષે.

THE PLURAL OF NOUNS.

૨૧) ગૂજરાતીમાં ઓ અનેકવચનનો પ્રત્યય કહેવાય છે. અંગ્રેજીમાં s (ઉચ્ચારમાં = z) લગાડીને અનેકવચનનું રૂપ કરે છે, જેમકે ઘોડાઓ horse-s, ડગલાઓ coat-s. બોલવામાં અંત્યાક્ષર સાથે s બરોબર ન ભળે તો es લગાડે છે, જેમકે પેટીઓ box-es. દેવળો church-es. Ss, sh, ch (ચ) તથા x, એ વ્યંજનો સાથે s ભળતો નથી, માટે એઓ આવે ત્યારે અનેકવચનનું રૂપ es લગાડે થાય છે.*

૨૨) અંગ્રેજી ક્રિયાપદ તથા નામના s પ્રત્યય જે આવે છે તેનો ઉચ્ચાર z જેવો થાય છે. o પછવાડે કેવળ s લગાડે z નો ઉચ્ચાર ન થાય, માટે એવે પ્રસંગે es લગાડવા જોઇએ. આ નિયમ જેમ ક્રિયાપદના વર્ત્તમાનકાળના ત્રીજા પુરૂષના રૂપને તેમ નામનાં અનેકવચન રૂપને લાગે છે. Gos નો ઉચ્ચાર ગોસ થાય તે સારૂ He gos ન લખાય પણ he goes (ગોઝ) લખવું જોઇએ. તેમ buffalo (ભેંસ) નું અનેકવચન રૂપ buffalos નહી પણ buffaloes થાય છે.

૨૩) નામનો ઉપાંત્યાક્ષર વ્યંજન અને અંત્યાક્ષર y હોય તો y નો ies કરે તેનું અનેકવચન રૂપ થાય છે, જેમકે fly (માખી) flies (માખીઓ). (૧૦ મું ખંડક જૂઓ).

૨૪) **પ્રશ્નો.**

૧. અંગ્રેજીમાં નામનું અનેકવચન રૂપ કયો પ્રત્યય લગાડે થાય છે?

૨. કેટલાંએક ઉચ્ચારણો સાથે s ભળતો નથી, તેઓ કયાં?

---

* એવું જોવામાં આવ્યું છે કે ક્રિયાપદનો s પ્રત્યય તે એકવચનમાંજ આવે છે, અને નામનો s પ્રત્યય તે અનેકવચનનો છે. એ ઉપરથી એવો નિયમ બંધાય કે કર્त्ताમાં s હોય તો ક્રિયાપદમાં ન જોઇએ અને ક્રિયાપદમાં s હોય તો કર્त्ताમાં ન જોઇએ.

૩. s સાથે ન ભળે એવા અક્ષર શબ્દને અંતે આવેછે ત્યારે s ને બદલે પ્રત્યયનું કેવું રૂપ થાય છે?

૪. o સાથે s બરોબર ભળે તોપણ અંત્યાક્ષર o હોય છે ત્યારે ક્રિયાપદમાં તેમ નામમાં s પ્રત્યયનું es એવું રૂપ કરવું પડેછે તેનું શું કારણ છે? તેનાં ઉદાહરણ આપો.

૫. અનેકવચન રૂપના સંબંધમાં y વિષે કેવો નિયમ છે?

૨૫) **અભ્યાસપાઠ ૭.**

એક one	વાર્તા a story
બે two	કહી સંભળાવવું, કહેવું to tell
ત્રણ three	કૂંચી a key
ચાર four	કેરી a mango
પાંચ five	કેટલાંક some
છ six	ગાય the cow
સાત seven	બિલાડી the cat
આઠ eight	દેવલ a church
નવ nine	લોંકડી a fox
દશ ten	જનાવર an animal
ખુરસી a chair	ખાવું to eat
દહાડો a day	ઇચ્છા a wish
ઘણા many	ઘરડું old
તસુ an inch	જૂનું old
લશ્કર an army	કલમ a pen
પટાટો a potato	કે, અથવા or

પાનું a page. અભ્યાસપાઠ an exercise.

૧ ત્રણ ખુરસીઓ. ૨ બે દહાડા. ૩ ચાર તસુ. ૪ ઘણાં લશ્કર. ૫ પાંચ પટાટા. ૬ તે વાર્તા કહી સંભળાવેછે. ૭ આ કૂંચીઓ મારી છે. ૮ આ કેરીઓ સારી છે. ૯ હું ત્રણ ઘોડા અને છ ગાય જોઉંછું. ૧૦ આ ટોપલીઓ ખાલી છે, ૧૧ એક ભરેલી છે.

૫ અને બે ખાલી છે. ૧૨ કેટલાંક પક્ષીઓ માખી ખાય છે. ૧૩ બિલાડાં પક્ષી ખાયછે. ૧૪ પાંચ દેવળો. ૧૫ લોંકડી નાનાં જાનવર ખાયછે. ૧૬ મારી સારી ઇચ્છાઓ. ૧૭ મારા કાકાઓ ઘરડા છે. ૧૮ આ સાત કલમો જૂની છે. ૧૯ હું આઠ કે નવ પાનાં શીખું છું. ૯ ૨૦ દશ અભ્યાસપાઠ.

બોધપાઠ ૫.

To have ક્રિયાપદનો વર્ત્તમાનકાળ.

THE PRESENT TENSE OF TO HAVE.

૨૬) કબજે છે એવો વિચાર જણાવવા સારૂ ગૂજરાતીમાં "પાસે છે" એવું બોલવાનો દસ્તુર છે. પણ અંગ્રેજીમાં એ વિચાર જણાવવા to have એવું એક ખાસ ક્રિયાપદ છે. તેનાં વર્ત્તમાનકાળ રૂપ નીચે પ્રમાણે થાય છે—

એકવચન.	અનેકવચન.
મારી પાસે છે I have	અમારી પાસે છે We have
તારી પાસે છે Thou hast	તમારી પાસે છે You have
તેની પાસે છે He has	તેઓની પાસે છે They have

૨૭) મને છે અને મારી પાસે છે એ બેનો અર્થ મળતો છે અને અંગ્રેજીમાં to have થીજ બેઉનો તરજુમો થાય છે.

૨૮) **ઉદાહરણ.**

મારી પાસે બે ચોપડી છે	I have two books.
છોકરા પાસે ત્રણ કલમ છે,	The boy has three pens.
મારા બાપા પાસે ઘણા રૂપિયા છે,	My father has many rupees.
તે માણસને બે દીકરા છે	This man has two sons.

૨૯) પ્રશ્નો.

૧. કોઈની પાસે કંઇ ચીજ છે એવું અંગ્રેજીમાં કેમ બોલાય છે? તેનાં ઉદાહરણ આપો.

૨. To have ક્રિયાપદનાં ૬ વર્તમાનકાળ રૂપ કહો.

૩૦) અભ્યાસપાઠ ૮.

રોજ daily
દેવની પ્રાર્થના કરવી to pray to God
ખરાબ bad
મારૂં my
સોય a needle
તમારૂં your
ખડિયો an inkstand, an inkbottle
પાસે by, beside
મારી પાસે beside me
બેઠું sitting
સીસાપેન a pencil
ભાઈ a brother
રમકડું a toy
ઢીંગલી, પૂતળી a doll
સુથાર a carpenter
હથિયાર a tool
બેસવું to sit
માબાપ parents
દુઃખ દેવું to grieve
નઠારૂં bad, wicked
શિક્ષા કરવી to punish
શિક્ષક પાસે beside the teacher
છોકરો a son
પેટ ભરવું to support
બળદ an ox
હળ જોડવો to plough
ઓટલો a verandah
થાંભલો a pillar.

૧ હું માંદો છું. ૨ તું સુખી છે. ૩ તે રોજ દેવની પ્રાર્થના કરે છે. ૪ મારી પાસે એક ચપ્પુ છે. ૫ તારી પાસે બે સારી કલમ છે. ૬ તેની પાસે એક ખરાબ કલમ છે. ૭ તારી પાસે મારી સોય છે. ૮ અમારી પાસે તમારી ચોપડીઓ છે. ૯ મારો ખડિયો કોની પાસે છે? ૧૦ મારી પાસે ગોવીંદ બેઠો છે. ૧૧ ગોવીંદ પાસે મારી સીસાપેન છે. ૧૨ મારા નાના ભાઈ પાસે ચાર રમકડાં છે. ૧૩ મારી નાની

બેન પાસે બે પૂતળી છે. ૧૪ સુથાર પાસે ઘણાં હથિયાર છે. ૧૫ શિક્ષક પાસે ઘણી ચોપડી છે. ૧૬ તે શિક્ષક પાસે બેસે છે. ૧૭ અમે મહેતાજી પાસે બેઠા છઈએ. ૧૮ આ માણસને બે દીકરા છે.
૧૦ ૧૯ ખરાબ છોકરા તેઓનાં માબાપને દુઃખ દેછે. ૨૦ સારા શિક્ષકો નઠારા છોકરાને શિક્ષા કરેછે. ૨૧ એમને એક છોકરો છે. ૨૨ તે એમનું પેટ ભરેછે. ૨૩ બળદો હળ ખેડેછે. ૨૪ ઓટલાને છ
૧૩ થાંભલા છે.

બોધપાઠ ૬.

અનિયમિત અનેકવચન રૂપ.

IRREGULAR PLURALS.

૩૧) કેટલાંએક અંગ્રેજી નામનું અનેકવચન રૂપ s લગાડે થતું નથી. તેમને સારૂ એક નિયમ નથી, કેમકે અનેકવચન રૂપ જૂદી જૂદી રીતે થાય છે, તેથી તેટલા શબ્દનાં રૂપ તો ગોખવાં પડે છે, પણ સુભાગ્યે તેમની સંખ્યા નાની છે માટે તે શીખવાની ઘણી મહેનત થતી નથી.

૩૨) નીચલા નામનાં અનેકવચન રૂપ અનિયમિત રીતે થાય છે.

પુરૂષ a man	પુરૂષો men	a નો e થાય છે.
બાયડી a woman	બાયડીઓ women	
પગ a foot	પગો feet	oo નો ee થાય છે.
હંસ a goose	હંસો geese	
દાંત a tooth	દાંતો teeth	
ઊંદર a mouse	ઊંદરો mice	ou નો i થાય છે.
જૂ a louse	જૂઓ lice	
બળદ an ox	બળદો oxen	en પ્રત્યય લાગે છે.
બાળક a child	બાળકો children	

૩૩) **પ્રશ્નો.**

૧. બધાં નામનું અનેકવચન રૂપ અંગ્રેજીમાં એકજ રીતિએ થાય છે?

૨. a નો e કરે કયાં નામનું અનેકવચન રૂપ થાય છે?

૩. tooth એ નામનું અનેકવચન રૂપ કેમ કરી થાય છે? એવાજ સ્વર ફેર કીધાથી બીજાં કયાં નામનું અનેકવચન રૂપ થાય છે?

૪. ox એ નામનું અને child એ નામનું અનેકવચન રૂપ સરખીજ રીતે થાય છે શું?

૩૪) અભ્યાસપાઠ ૯.

મોજું a sock, a stocking
ગુંથવું to knit
ઊંચું tall
લાંબું long
આ (એકવચન) this
આ (અનેકવચન) these
જોવું to see
મારાં બે both my
જોડવું to yoke
કોળવઈ a trap, a rat-trap
કોળવઈમાં જવું to go into the trap
માં in, into
કેવળ only
એકનું છે, થાય છે, એકને છે, એકની પાસે છે, એકને ત્યાં છે one has
બેનું છે, બેનું થાય છે, બેને છે, બેની પાસે છે, બેને ત્યાં છે two have
આંધળું blind
ખેડૂત a farmer

પોતાના બે both his, બાપડો poor, ડોસો an old man.

૧ એક પુરૂષ. ૨ બે પુરૂષ. ૩ એક બાયડી મોજાં ગુંથે છે. ૪ બે બાયડી મોજાં ગુંથે છે. ૫ હું પાંચ ફૂટ ઊંચો છું. ૬ આ એક ફૂટ લાંબું છે. ૭ હું ઘણા પુરૂષ જોઉં છું. ૮ આ છોકરો હંસોને મારે છે. ૯ આ છોડીઓ હંસોને મારે છે. ૧૦ આ છોકરાઓ મારા પગમાં મારે છે. ૧૧ આ છોકરો મારા બે પગમાં મારે છે. ૧૨ ખેડૂત(the) બળદો જોડે છે. ૧૩ ખેડૂત પોતાના બે બળદ જોડે છે. ૧૪ ત્રણ ઊંદર કોળવઈમાં જાય છે. ૧૫ હું કોળવઈમાં કેવળ બે ઊંદર જોઉં છું. ૧૬ બે હંસના ચાર પગ થાય છે. ૧૭ એક ઘોડાને ચાર પગ હોય છે. ૧૮ બે ઘોડાના આઠ પગ થાય છે. ૧૯ ત્રણ આંધળી ઊંદરડી. ૨૦ બે ગાય અને ચાર બળદ. ૨૧ એક બાળક. ૨૨ આ બાયડીને બે બાળક છે. ૨૩ આ બે બાયડીને ચાર બાળક છે. ૨૪ આ બાપડા ડોસાને દાંત નથી. ૨૫ નહાનાં છોકરાં હંમેશાં રમેછે.

૩૫) અભ્યાસપાઠ ૧૦.

મેજ a table	પાઘડી a turban
ઊંટ a camel	ગાય a cow
બકરૂં a goat	ભેંસ a buffalo
સવારી કરવી to ride	કામનું useful
લાકડાનું wooden	રોજ daily
દૂધ milk	દોડવું to run
ગધેડું an ass, a donkey	વગડાઊ wild
પર, ઉપર on, upon	વાઘ a tiger
પેટી a box	હરાવવું to defeat

૧ મારી પાસે ત્રણ ચોપડી છે. ૨ આ કોટડીમાં ચાર ખુરશીઓ છે. ૩ અમે દશ છઈએ. ૪ તેની પાસે બે સારા ઘોડા છે. ૫ મારી પાસે ત્રણ મેજ છે. ૬ તેની પાસે એક મોટો અને એક નાનો ઘોડો છે. ૭ મારી વાડીમાં છ માણસો બેઠાં છે. ૮ છ ઊંટ અને દશ બકરાં ખેતરમાં ચરેછે. ૯ આ મારૂં ઊંટ છે. ૧૦ તે ઊંટ પર મારો ભાઈ સવારી કરેછે. ૧૧ આ પેટીઓ લાકડાંની છે. ૧૨ હું રોજ દેવની પ્રાર્થના કરૂંછું. ૧૩ તેની પાસે બે કલમ છે. ૧૪ અમારી પાસે ત્રણ નાના કુતરા છે. ૧૫ તમારી પાસે કેવળ એક કુતરો છે. ૧૬ મારી બેન પાસે ત્રણ ભેંસ છે. ૧૭ તેઓ દૂધ દેછે. ૧૮ હું સાત ગધેડાં અને ત્રણ લોંકડી જોઊંછું. ૧૯ મારાં ઘર મોટાં છે. ૨૦ તેની પાસે બે ટોપી ને ત્રણ પાઘડી છે. ૨૧ ગાયો ભેંસો બળદ બહુ કામનાં છે. ૨૨ ઊંદરો મારા ઘરમાં રોજ દોડે છે. ૨૩ ચાર વગડાઊ ભેંસ એક વાઘને હરાવે છે.

બોધપાઠ ૭.

An તથા The વિષે.

THE ARTICLES.

૩૬) વર્ગસૂચક નામ એકવચને અંગ્રેજીમાં એકલું આવે નહિ. તેના અર્થની હદ બતાવવા સારૂ તેની પૂર્વે દર્શક વિશેષણ જેવો કોઈ

બીજો શબ્દ જોઇએ, જેમકે, my, his, this, Govind's, એવા શબ્દ ન હોય તો એક આર્ટિકલ (હઃ દર્શક વિશેષણ) લગાડવું પડે છે. આર્ટિકલ બે થાય છે An કે A અને The.

ઉદાહરણ.

આ બળદ છે	This is ox એમ નહિ પણ This is an ox.
હું હાથી જોઉં છું	I see an elephant.
તું ચોપડી વાંચે છે	Thou readest a book.
તે આળસુ છોકરો છે	He is an idle boy.

૩૭) વ્યંજનની પૂર્વે an નો n ઉડી જાય છે.

૩૮) અનેકવચને આવનાર નામની પૂર્વે એવા આર્ટિકલની જરૂર નથી. અનેકવચન વિષે ગૂજરાતી તથા અંગ્રેજી રીત મળતી આવે છે.

ઉદાહરણ.

ઘોડાને ચાર પગ હોય છે	Horses (= all horses) have four feet.
અર્બસ્તાનથી મુંબઈ ઘોડા આવે છે	Horses (= some horses) come to Bombay from Arabia.

૩૯) મુકરર પ્રાણી પદાર્થ જણાવવા સારૂ નામની પૂર્વે એકવચને તેમ અનેકવચને the લગાડે છે, જેમકે, મેહેતાજીને સારૂં નથી (આમાં કોઇ પણ મેહેતાજીની વાત નથી, પણ આપણો જે મેહેતાજી તેની, મટે અંગ્રેજીમાં) The schoolmaster is not well. છોકરા ઘેર ગયા છે, The boys have gone home.

૪૦) An ઇન્ડેફિનિટ આર્ટિકલ (The Indefinite Article) અને The ડેફિનિટ આર્ટિકલ (The Definite Article) કહેવાય છે.

૪૧) The એકવચને અને અનેકવચને આવનાર નામની પૂર્વે

આવે, પણ An નો મૂળ અર્થ એક થાય છે તેથી કેવળ એકવચન સાથે વપરાય છે.

૪૨) An = એકાદું.
The = સામાવાળો જાણે છે તે.

૪૩) ૧. I see a book on a table.
૨. I see a book on the table.
૩. I see the book on a table.
૪. I see the book on the table.
૧. કોઈ પણ મેજ પર કોઈ પણ ચોપડી જોઉછું.
૨. તે કે પેલી મેજ પર (એટલે જે મેજ સામાવાળો જાણે છે તે મેજ પર) કોઈ પણ ચોપડી જોઉછું.
૩. તે ચોપડી (કોઈ મુકરર ચોપડી, કઈ ચોપડી તે સામાવાળો જાણે છે) હું કોઈ પણ મેજ પર જોઉછું.
૪. કોઈ મુકરર મેજ પર કોઈ મુકરર ચોપડી હું જોઉછું.

એ ચાર વાક્ય પર ધ્યાન રાખી an તથા the વાપરવાની રીત તથા તરજુમા ઉપરથી એકેક વાક્યનો ખરો અર્થ શીખવો.

૪૪) **પ્રશ્નો.**

૧. અંગ્રેજીમાં વર્ગસૂચક નામ એકવચને એકલું આવે? તેની પૂર્વે શું જોઈએ?

૨. એકવચને આવનાર વર્ગસૂચક નામ પૂર્વે દર્શક વિશેષણ જેવા શબ્દ ન હોય તો શું લગાડવું જોઈએ?

૩. An નું બીજું કયું રૂપ થાય છે? An ને બદલે a ક્યારે આવે છે?

૪. અનેકવચને આવનાર નામની પૂર્વે દર્શક વિશેષણ કે આર્ટિકલ મૂકવાની જરૂર છે?

૫. The એ આર્ટિકલ ક્યારે વાપરવો જોઈએ?

૬. An એ શબ્દનું નામ શું, અને તે કયે વચને વપરાય છે? The નું નામ શું અને કયે વચને તે વપરાય છે?

૪૫) અભ્યાસપાઠ ૧૧.

રસ્તો a road, a street	કોટડી a room
દોડવું to run	જોયું saw
દોડતો running	ખાટલો a bedstead
મૂકવું to lay, place	સૂતું lying
સીસી a bottle	કાળું black
તૂટેલુ broken	ધોળું white
પ્યાલું a cup, a bowl (બોલ)	સુંદર beautiful
ટોપી a cap	ગુલાબ a rose
કોરવાળીટોપી a hat	ગુલાબનું ઝાડ a rose bush
પાઘડી a turban	આગ fire
ખેતર a field	હેઠળ beneath
નકશો a map	ચકલી a sparrow
ભૂગોળ geography	રહેવું to live
જીન a saddle	ભાભી a brother's wife, a sister-in-law
ફળ a fruit	ઘેર to ——'s

૧. ઘોડા ઘાસ ખાયછે. ૨ રસ્તામાં (મુકરર) ઘોડો દોડેછે. ૩ રસ્તામાં ઘોડો દોડતો હું જોઉંછું. ૪ મેજ ઉપર ચોપડી મૂકુંછું. ૫ પાણી સીસીમાં છે. ૬ આ તૂટેલી સીસી છે. ૭ તેની પાસે ખરાબ કલમ છે. ૮ ખાટલો તૂટેલો છે. ૯ પ્યાલું તૂટેલું છે. ૧૦ નવી ટોપી. ૧૧ ઊંચું ઘર. ૧૨ આ જૂની પાઘડી છે. ૧૩ આ ગાય છે, પણ બળદ ક્યાં છે? ૧૪ બળદ ખેતરમાં છે. ૧૫ આ નકશો છે, પણ ભૂગોળ ક્યાં છે? ૧૬ આ જીન છે, પણ ઘોડો ક્યાં છે? ૧૭ આ વાડી છે; પણ ફળ ક્યાં છે? ૧૮ ફળ કોટડીમાં છે. ૧૯ મેં ફળ જોયું. ૨૦ તે ખાટલા પર સૂતો છે. ૨૧ એક નાનો કાળો કુત્તો. ૨૨ એક ધોળી બિલાડી. ૨૩ એક સુંદર ફૂલ. ૨૪ મોટા છોકરા પાસે ચોપડી છે. ૨૫ ગાયો મોટા ખેતરમાં છે. ૨૬ ઘણી ગાયો ઊભી છે. ૨૭ ગુલાબ

સુંદર ફૂલ છે. ૨૮ તારી પાસે બે ગુલાબનાં ઝાડ છે. ૨૯ આગ પાસે ભોળાનાથ બેઠો છે. ૩૦ બાયડી ઝાડ હેઠળ બેઠી છે. ૩૧ ચકલી ઝાડપર રહેછે. ૩૨ મેં ઝાડ પર ફળ જોયું. ૩૩ હું ભાભીને ઘેર જાઊંછું.

૪૬) અભ્યાસપાઠ ૧૨.

પાંજરૂં a cage ધોવું to wash
લૂગડાં clothes (સ્ત્રીઓ) માગવું to want, ask for

નીચલાં સાત વાક્યમાંના એકેકના ચાર જૂદા જૂદા તરજુમા કરવા જોઇએ.

૧. પાંજરામાં પક્ષી છે. ૨ ઝાડ પાસે બકરૂં હું જોઊંછું. ૩ શિક્ષકે છોકરાને માર્યો (beat). ૪ બાયડી લૂગડાં ધુએછે. ૫ બાયડી નદીમાં ધુએછે. ૬ છોકરાઓ ચોપડી માગેછે. ૭ છોકરો ચોપડીઓ માગેછે.

બોધપાઠ ૮.

કૃદંત વિષે.

THE PARTICIPLES.

૪૭) અંગ્રેજી ક્રિયાપદનાં વર્તમાન તથા ભૂત એવા બેજ કૃદંત થાયછે.

૪૮) વર્તમાનકૃદંત (The Present Participle) નો પ્રત્યય ing છે, જેમકે, to play રમવું, playing રમતું.

૪૯) ભૂતકૃદંત (The Past Participle) નો પ્રત્યય ed છે, જેમકે played રમ્યું.

૫૦) વર્તમાનકૃદંત કરવાની સઘળાં ક્રિયાપદ સારૂ ઉપલી એકજ રીત છે, પણ કેટલાંક ક્રિયાપદને અનિયમિત (irregular) કહેછે તેઓના ભૂતકૃદંત ઉપર બતાવ્યા કરતાં જૂદે પ્રકારે થાય છે.

૫૧) વર્તમાનકૃદંત સાથે to be લગાડ્યાથી વર્તમાનકાળનું બીજું રૂપ સાધિત થાય. આ બીજા રૂપને ચાલુ વર્તમાન (The Continuous Present) કહેછે.

ઉદાહરણ.

હું ચાલતો છું, હું (હમણા) ચાલુછું અથવા હું ચાલવામાં છું	I am walking.
તે ચાલતો છે, (હમણા) ચાલે છે અ-થવા તે ચાલવામાં છે	He is walking.

પર) **વર્ત્તમાન ચાલુ રૂપ.**

એકવચન.	અનેકવચન.
I am talking	We are talking
Thou art talking	You are talking
He is talking	They are talking

પ૩) જે વખત વિષે બોલાય છે તે વખતે ક્રિયાપદથી જે કામ બતાવાય છે તે કામ જારી કે ચાલતું હોય તો ચાલુ રૂપ વપરાય છે. ગુજરાતીમાં એનું બરોબર રૂપ નથી, માટે જૂદે રૂપે તેનો તરજુમો કરાય છે. જેમકે I am talking= હું બોલું છું, અથવા હું બોલતો છું, અથવા હું બોલવામાં છું. બોલવામાં છું એવું બોલવાની સાધારણ રૂઢિ નથી તોપણ અંગ્રેજી ચાલુ રૂપનો અર્થ બીજી રૂઢિ કરતાં એ રૂઢિથી ઠીક દર્શાવાય છે, એવું નિશાળીઆએ યાદ રાખવું. માટે ing નો ખરો અર્થ "વામાં" થાય છે એવું કહીએ તો ચાલે.

પ૪) **પ્રશ્નો.**

૧. અંગ્રેજી ક્રિયાપદના કયા કયા કૃદંત થાય છે?

૨. અંગ્રેજી કૃદંતના પ્રત્યય કહો.

૩. વર્ત્તમાન, ચાલુ રૂપ કઇ રીતે સાધિત થાયછે અને તે ક્યારે વાપરવો જોઇએ?

પપ) **અભ્યાસપાઠ ૧૩.**

પાઠ લેવો to hear a lesson	વરસાદ વરસવો to rain
પાઠ આપવો to say a lesson	ઊંઘવું to sleep
ગાવું to sing	સૂવું to lie down

આખો all, the whole
ગામ a village
ભસવું to bark
ઘણું કરીને generally
પારકો, અજાણ્યો a stranger
વિષે about, of
કેરી a mango
ખાવું to eat
આંબો a mango tree
દરજી a tailor
સીવવું to sew (સી)

૧ આ બાયડી સીવેછે. ૨ આ છોકરાં રમેછે. ૩ તમે બોલો છો. ૪ તેઓ બોલેછે. ૫ હું ચોપડી વાંચુંછું. ૬ હું કોઈ વખતે વાંચુંછું. ૭ મેહેતાજી પાઠ લેછે. ૮ છોકરા પોતાના (their) પાઠ બોલેછે. ૯ આપણે પાઠ બોલીએ છઈએ. ૧૦ આપણે રોજ પાઠ બોલીએ છઈએ. ૧૧ બાલારામ ગાયછે, મોતીરામ વાંચેછે અને અમથાલાલ રમેછે. ૧૨ અમથાલાલ આખો દિવસ રમેછે.* ૧૩ મેહેતાજી રોજ નિશાળે જાયછે. ૧૪ આ, મેહેતાજી (Look here, the—) નિશાળે જાયછે. ૧૫ ગામમાં કુત્રા ભસેછે. ૧૬ તેઓ પોતાના પાઠ શીખેછે. ૧૭ કુત્રા ઘણું કરીને અજાણ્યાને (at) ભસેછે. ૧૮ આ કુત્રા અજાણ્યાને ભસેછે. ૧૯ હું તમારે વિષે બોલુંછું. ૨૦ વરસેછે (It is...). ૨૧ મારો બાપ લખેછે. ૨૨ તે ઊંઘે છે. ૨૩ તે સૂતો છે. ૨૪ અમે સૂતા છઈએ. ૨૫ તમે સૂતા છો. ૨૬ હું સૂતો છું. ૨૭ તું સૂતો છે. ૨૮ નિશાળીઆ નિશાળેથી (from school) ઘેર જાય છે. ૨૯ હું કેરી ખાઉંછું. ૩૦ તે આંબા પર કેરીઓ છે. ૩૧ હું ઘેર ગયો ત્યારે દરજી સીવતો હતો.

બોધપાઠ ૯.

સહભેદ વિષે.

THE PASSIVE VOICE.

૫૬) અંગ્રેજી ભૂતકૃદંત આગળ to be લગાડે સહાભેદ (passive voice) થાયછે, જેમકે, Books are printed in Bombay મુંબઈમાં ચોપડીઓ છપાય છે.

* ભણતી વખતે અમથાલાલ રમતો ન હોય માટે આજ રૂપ ન વપરાય.

૫૭) સહ્યભેદ વર્તમાનકાળ.

એકવચન.	અનેકવચન.
I am expected	We are expected
Thou art expected	You are expected
He is expected	They are expected

ઉદાહરણ.

રાહ જોવી	To expect.
મારી રાહ જોવાય છે	I am expected.
તારી રાહ જોવાય છે	Thou art expected.
તેની રાહ વગેરે	He is, etc.

૫૮) ઘણીખરી વખતે ભૂતકૃદંતનો અર્થ વિશેષણ કે વિશેષ ભૂતકૃદંત જેવો થાય છે. ત્યારે એ રૂપમાં સહ્યભેદનો અર્થ રહેતો નથી. જેમકે This book is printed =આ ચોપડી છાપેલી છે (છપાય છે એમ નહિ) એવું છતાં એને Passive Voice કહ્યા કરેછે.

૫૯) અભ્યાસપાઠ ૧૪.

તાળું દેવું to lock	ધોળાવવું to whitewash
બોલાવવું to call	પત્થર a stone
ઘાયલ થવું to be wounded	ભીંત a wall
વખણાવું to be praised	ઈંટ a brick
મુંબાઈની કેરી a Bombay mango	છત્રી an umbrella
વહેંચવું, પોહોંચાડવું to deliver	ભાગવું to break
સવારે in the morning	ઘડીઆળ a clock
બપોરે in the afternoon	અટકવું to stop
સાંઝે in the evening	પડદો a curtain
નહવડાવું to be bathed	ફાટીજવું to be torn
ખરીદવું to purchase	છાપરું a roof
પણ also	છાવું to thatch

૧ તે પેટીને તાળું દેછે. ૨ પેટીને તાળું દીધેલું*છે. ૩ તે મને બોલાવે છે. ૪ મને બોલાવે છે (I am c—). ૫ હું ઘાયલ છું. ૬ તું ઘાયલ છે. ૭ મેહેતાજી વખણાય છે. ૮ મુંબઈની કેરીઓ વખણાય છે. ૯ સારા નિશાળીઆ વખણાય છે. ૧૦ મારા અક્ષર (=દસ્કત, writing) સારા છે. ૧૧ મારા અક્ષર વખણાય છે. ૧૨ કાગળો સવારે વહેંચાય છે. ૧૩ મુંબઈના† કાગળ સવારે વહેંચાય છે. ૧૪ સુરતમાં કાગળ બપોરે વહેંચાય છે. ૧૫ સુરતના કાગળ સાંઝે વહેંચાય છે. ૧૬ મુંબઈમાં કાગળ સવારે બપોરે તથા સાંઝે વહેંચાય છે. ૧૭ મારાં છોકરાંને રોજ નહવાડે છે. (use the passive voice). ૧૮ અમને રોજ નહવાડે છે. (use the passive voice). ૧૯ આ ઘોડો ખરીદેલો છે. ૨૦ ગાય પણ ખરીદેલી છે. ૨૧ ભીંત ધોળેલી છે. ૨૨ પત્થરની ભીંત ધોળેલી છે. ૨૩ ઇંટનું ઘર ધોળેલું છે. ૨૪ તેની છત્રી ભાગેલી છે. ૨૫ ઘડીઆળ અટકેલી છે. ૨૬ પડદો ફાટી ગયો છે. ૨૭ છાપરૂં છાએલું છે.

બોધપાઠ ૧૦.

ભૂતકાળ.

The Past Tense.

૬૦) ગુજરાતીમાં ભૂતકાળનું રૂપ અને ભૂતકૃદંત સરખાં હોય છે, તેમ અંગ્રેજીમાં પણ, કેટલાંએક અનિયમિત ક્રિયાપદ સિવાય, તે સરખાં છે; કેમકે બન્નેનો પ્રત્યય ed થાય છે.

વર્ત્તમાનકાળ.	ભૂતકાળ.	ભૂતકૃદંત.
I walk	I walked	walked
I climb	I climbed	climbed

* ખંડક ૫૭ મું જૂઓ.

† The Bombay letters. અંગ્રેજીમા વિશેષણ (કે નામની ષષ્ઠી વિભક્તિ) ને બદલે નામ ઘણી વેળાએ વપરાય છે, જેમકે A stone wall; an iron ring.

૬૧) ભૂતકાળમાં એકવચનના બીજા પુરૂષે est પ્રત્યયનું સંક્ષેપ st આવે છે. આ વિના બધા પુરૂષનાં રૂપ સરખાં છે.

ભૂતકાળનાં રૂપ.

એકવચન.	અનેકવચન.
મેં બોલાવ્યો I called	અમે બોલાવ્યો We called
તેં બોલાવ્યો Thou calledst	તમે બોલાવ્યો You called
તેણે બોલાવ્યો He called	તેઓએ બોલાવ્યો They called

૬૨) ક્રિયાપદનો અંત્યાક્ષર e હોય તો od પ્રત્યયનો e ઉડી જાયછે, જેમકે I love-d, he promise-d. તેમ est નો e ઉડી જાયછે, જેમકે Thou lovest, Thou seest.

૬૩) અભ્યાસપાઠ ૧૫.

વચન આપવું to promise	કેટલાક some
કલાક an hour	નળિયું a tile
મુસાફરી કરવી to travel*	અનાજ corn
ઘણું very much	ખાઇને રહેવું to live upon
બોલવું to talk	હસવું to laugh
સાહેબ a European gentleman	હમણાં now
કાલે yesterday	તેમને them
મારવું (=મારીનાખવું) to kill	વર્ષ a year
વાઘ a tiger	બચાવવું, જતન કરવું, રક્ષણ કરવું to preserve
સિંહ a lion	
મુસાફર a traveller	બેવાર twice

૧ તેણે વચન આપ્યું. ૨ તે રમી. ૩ તે ચાર કલાક રમ્યો. ૪ તેણે ઘણી મુસાફરી કરી. ૫ તે મારે વિષે બોલ્યો. ૬ તે હમણાં બોલેછે. ૭ તે આખો દિવસ બોલેછે. ૮ તે આખો દિવસ બોલ્યો. ૯ આ સાહેબે કાલે વાઘને માર્યો. ૧૦ તે સાહેબે સિંહને કાલે માર્યો. ૧૧ હું દૂધ રોટલો

* ૧૧ મું ખંડક જુઓ.

૫ ખાઇને રહું છું. ૧૨ કેટલાંક નળિયાં ભાંગેલાં છે. ૧૩ આ ત્રણ મુસાફર રોટલા ખાઇને જીવ્યા. ૧૪ તેઓ અંગ્રેજીમાં બોલ્યા. ૧૫ તું ગૂજરાતીમાં બોલે છે. ૧૬ તે ગૂજરાતીમાં બોલ્યો. ૧૭ તું અંગ્રેજીમાં બોલ્યો. ૧૮ હું હસુંછું. ૧૯ તે હમણા હસેછે. ૨૦ તું હસેછે. ૨૧ તે હસ્યો. ૨૨ તું હસ્યો. ૨૩ તું સવારે કાગળ વહેંચેછે. ૨૪ હું હમણાંજ તે વહેંચુંછું.
૧૦ ૨૫ તેણે બપોરે કાગળ વહેંચ્યા. ૨૬ તેં બપોરે કાગળ વહેંચ્યા. ૨૭ મારો ઘોડો દશ વર્ષ જીવ્યો. ૨૮ તું જીવે છે. ૨૯ ઇશ્વર મારૂં જતન કરેછે.
૧૨ ૩૦ ઇશ્વરે તેઓનું જતન કીધું. ૩૧ મેં તેને બે વાર બોલાવ્યો.

બોધપાઠ ૧૧.

To be તથા To have ના ભૂતકાળનાં રૂપ.

THE PAST TENSES OF TO BE AND TO HAVE.

૬૪) To be તથા To have સહાયકારક (Auxiliary) કહેવાય છે, કારણ કે તેમનાં જૂદાં જૂદાં રૂપની સહાયતાએ બીજાં ક્રિયાપદનાં અનેક રૂપ થાય છે. તેઓ અનિયમિત (Irregular) પણ કહેવાય છે, કેમકે તેમનો ભૂતકાળ તથા ભૂતકૃદંત ed લગાડ્યાથી થતાં નથી. તેમનાં ભૂતકાળે કેવાં રૂપ થાય છે તે નીચે બતાવ્યાં છે.

૬૫) To be નો ભૂતકાળ.

એકવચન.	અનેકવચન.
હું હતો I was	અમે હતા We were
તું હતો Thou wast	તમે હતા You were
તે હતો He was	તેઓ હતા They were

૬૬) To have નો ભૂતકાળ.

એકવચન.	અનેકવચન.
મારી પાસે હતું I had	અમારી પાસે હતું We had
તારી પાસે હતું Thou hadst	તમારી પાસે હતું You had
તેની પાસે હતું He had	તેઓની પાસે હતું They had

૬૭) ઉદાહરણ.

મુસાફરનો ડગલો ફાટેલો હતો	The traveller had a torn coat.
આ છોકરાનો ચહેરો ફીક્કો છે	This boy has a pale face.

૬૮) અભ્યાસપાઠ ૧૬.

ઘેર at home
કાલે yesterday
મારી સાથે with me
ગુસ્સે angry
પણ but
ડાહ્યું prudent
ચાકર a servant
ખીચારો poor
આંધળું blind
આંધળો a blind man
સગો a relative
ફીક્કો pale
ઘાણી a mill
હવા weather
રસોઇઓ a cook
છત્રી an umbrella
સિપાઇ, પટાવાળો સિપાઈ a peon
પૈસો money
ઘણું much
પ્રખ્યાત famous
સુંદર beautiful
ભાગેલું broken
પથ્થરપાટી a slate
ચીતારો a painter
દીકરી a daughter
મીઠું sweet
કણિયો a corn-seller
કોઠાર a granary
બદન a vest
બોરિયું a button
તપકીર snuff
સોડમ a smell
સિઢી stairs
પગથિયું a step
બારી a window
રસ્તો a road
સાંકડું narrow

૧ હું ઘેર હતો. ર હું કાલે માંદો હતો. ૩ તે (she) મારી સાથે ગુસ્સે હતી. ૪ ગંગારામ વાડીમાં હતો અને બાજુભાઇ ઘરમાં હતો. ૫ કાલે મારી પાસે ચોપડી ન હતી (had no) પણ પાટી હતી. ૬ કાલે તમારી પાસે ચપ્પુ હતો. ૭ તે ડાહી છોડીઓ હતી. ૮ આ માણસ પાસે ઘણાં ઘેટાં હતાં. ૯ ઘરમાં મારી પાસે ચાકર ન હતો. ૧૦ મુસાફર પાસે ૫

એક લાંબી લાકડી હતી. ૧૧ તે બીચારા આંધળાને સગાં ન હતાં. ૧૨ અમારી પાસે ઘણા બળદ હતા. ૧૩ તારી પાસે કાલે પાટી હતી. ૧૪ તેનો ચેહેરો ફીક્કો હતો. ૧૫ આંધળો બળદ ઘાણીમાં હતો. ૧૬ તે ગાય તથા ભેંસો હતી. ૧૭ ટોપલી ભરેલી હતી. ૧૮ તેઓની પાસે ખાલી ટોપલી હતી. ૧૯ ફુમસમાં અમને સારી હવા મળી. ૨૦ રસોઈઆ પાસે એક મોટી છરી હતી અને પટાવાળા પાસે જૂની છત્રી હતી. ૨૧ મારા બાપ પાસે એક મોટું ઘર ને સુંદર વાડીઓ હતાં. ૨૨ મુસાફર પાસે ઘણો પૈસો હતો. ૨૩ તેની પત્થરપાટી ભાગેલી હતી. ૨૪ તારો ખડિઓ ભાગેલો હતો. ૨૫ તે પ્રખ્યાત ચીતારો હતો. ૨૬ મારો દીકરો તથા દીકરી ત્યાં હતાં. ૨૭ કેરીઓ મીઠી હતી. ૨૮ કણિયા કને કોઠારમાં ઘણો દાણો હતો. ૨૯ મારા બદનને છ બોરિયાં હતાં. ૩૦ તપકીરની સોડમ નઠારી છે. ૩૧ સિઢીને દશ પગથિયાં હતાં. ૩૨ મારૂં મોટું ઘર સુરતમાં હતું. ૩૩ તેને સોળ બારીઓ હતી. ૩૪ સુરતમાં અગાઉ
૧૯ રસ્તા સાંકડા હતા.

બોધપાઠ ૧૨.

ચાલુ ભૂતકાળ વિષે.

THE CONTINUOUS PAST TENSE.

૬૯) વર્તમાન કૃદંત તથા to be ના વર્તમાનકાળનાં રૂપથી ચાલુ વર્તમાનકાળ સાધિત થાયછે એવું આપણે જોયું છે (૫૦ મું ખંડક જૂઓ). એજ પ્રમાણે વર્તમાન કૃદંતને to be નાં ભૂતકાળ રૂપ લગાડ્યાથી ચાલુ ભૂતકાળ સાધિત થાય છે, જેમકે.

એકવચન.		અનેકવચન.	
હું લખતો હતો	I was writing	અમે વગેરે	We were writing
તું લખતો હતો	Thou wast writing	તમે ,,	You were writing
		તેઓ ,,	They were writing
તે લખતો હતો	He was writing		

જે સમય વિષે બોલાયછે તે સમયે ક્રિયા જારી હતી કે થતી હતી એવું ચાલુ ભૂતકાળ દર્શાવેછે.

૭૦) ઉદાહરણ.

તમે મને બોલાવ્યો ત્યારે હું વાડીમાં ફરતો હતો.	I was walking in the garden when you called me.
કાલે હું આવ્યો ત્યારે તમે લખતા હતા.	When I came yesterday you were writing.
હું લખવાના ઘણા કામમાં છું.	I am busy writing.

૭૧) અભ્યાસપાઠ ૧૭.

નાચવું to dance
જ્યારે when
ત્યારે then
નાસવું to run away
ઉઘાડવું to open
પિયાનો નામનું વાજું વગાડવું to play on a piano
ટપાલનો પટાવાળો a postman
બહાર out
મને મળવું to meet me
મને મળે છે I meet
મને મળ્યું I met
બૂમ પાડવી to cry out, to shout
કારણ કે because
સોઈ a tailor
આગલી પડાળી a verandah
બિલાડી a cat
બિલાડીનું બચ્ચું a kitten
છેતરવું to cheat, deceive
ઘણા કામમાં હોવું to be busy
પાણી ભરવું to fetch water
આ વખતે at this time
દોહવું to milk
ધોવું to wash
તાપ heat
લીધે on account of
ચીમળાવું to wither
જોયું saw
રસોઈ કરવી to cook
આપણી પછવાડે behind us
પછવાડે આવવું—જવું to follow
પહોંચવું to arrive
તારૂં thy, your
દરવાજા આગળ before a door
નીકળવું to come અથવા go out
નીકળ્યું came out, went out

તેનું (નર) his	દશ વાગેછે it strikes ten
તેનું (નારી) her	ઉકળવું to boil
વરસેછે it rains, is raining	હિસાબ કરવા to do sums

૧ જ્યારે હું આવ્યો (ત્યારે) તમે નાચતા હતા. ૨ તમે જ્યારે આવ્યા (ત્યારે) હું નાસતો હતો. ૩ જ્યારે તમે મને બોલાવ્યો (ત્યારે) હું લખતો હતો. ૪ તું આવ્યો ત્યારે હું દરવાજો ઉઘાડતો હતો. ૫ તું બેઠો (sattest down) ત્યારે હું પેટીને કૂંચી દેતો હતો. ૬ હું ગાતો હતો, તું વાંચતો હતો અને તારો ભાઈ વાજીત્ર વગાડતો હતો. ૭ ટપાલનો પટાવાળો આવ્યો ત્યારે હું બહાર જતો હતો. ૮ અમે નિશાળે જતા હતા ત્યારે અમને અમારી (our) બહેનો મળી. ૯ મેં બૂમ પાડી કારણ કે તું મને દુઃખ દેતો હતો. ૧૦ હું બહાર ગયો (went) ત્યારે સોઈ પડશાળમાં સીવતો હતો. ૧૧ મારી બહેનો બિલાડી તથા તેનાં બચ્ચાં સાથે (with) રમતી હતી. ૧૨ હમણાં વરસાદ વરસેછે અને કાલે આ વખતે વરસાદ વરસતો હતો. ૧૩ તેઓ અમને છેતરતા હતા. ૧૪ હું લખવાના ઘણા કામમાં છું. ૧૫ તું વાંચવાના ઘણા કામમાં હતો. ૧૬ છોકડી પાણી ભરવાના ઘણા કામમાં પડી હતી. ૧૭ તે (she) ગાય દોહતી હતી અને તેની બહેન લૂગડાં ધોતી હતી. ૧૮ તાપને લીધે ફૂલો ચીમળાતાં હતાં. ૧૯ મેં જોયું કે તે રસોઈ કરતી હતી. ૨૦ આપણી પછવાડે તેઓ આવતા હતા. ૨૧ હું આવ્યો ત્યારે તારા દરવાજા આગળ છ માણસ બેઠેલાં હતાં. ૨૨ તું બહાર નીકળ્યો ત્યારે દશ વાગતા હતા. ૨૩ પાણી ઉકળતું હતું. ૨૪ તમે બોલતા હતા. ૨૫ અમે હિસાબ કરતા હતા.

બોધપાઠ ૧૩.

પૂર્ણ વર્તમાનકાળ તથા અનિયમિત ક્રિયાપદો વિષે.

THE PERFECT PRESENT TENSE AND THE IRREGULAR VERBS.

(૭૨) ભૂતકૃદંત સાથે સહાયકારક ક્રિયાપદ to have ના વર્તમાનકાળનાં રૂપ લગાડવાથી જેને The Perfect Present Tense (પૂર્ણ વર્તમાનકાળ) કહેછે, એવું રૂપ સાધિત થાય છે, જેમકે—

એકવચન.		અનેકવચન.	
I have Thou hast He has	written a letter	We have You have They have	written a letter.

અર્થ—મેં કાગળ લખ્યો છે, તેં કાગળ લખ્યો છે, વગેરે.

૭૩) ed પ્રત્યય લગાડ્યાથી અંગ્રેજી ક્રિયાપદના ભૂતકાળ તથા ભૂતકૃદંત બનેછે, એવું આપણે શીખ્યા (પંડક ૫૯ જૂઓ) પણ ed નથી લાગતાં એવાં પણ ક્રિયાપદ છે, તેઓને અનિયમિત ક્રિયાપદ (The Irregular Verbs) કહેછે, અને જેઓને ed લાગેછે તેઓને નિયમિત ક્રિયાપદ (The Regular Verbs) કહેછે.

અનિયમિત ક્રિયાપદનાં રૂપ શીખવાની ઘણી જરૂર છે, માટે તેમાંનાં કેટલાંકનાં રૂપ આપતા જઇશું.

ત્રણે રૂપે સરખાં રહેછે એવાં જે ૧૯ અનિયમિત ક્રિયાપદ થાય છે તેઓ નીચલા અભ્યાસપાઠને મથાળે લખ્યાં છે તે મોઢે કરવાં જોઇએ.

૭૪) ## ઉદાહરણ.

હું કાપુંછું I cut.	તમે મને દુ:ખ દોછો You hurt me.
મેં કાપ્યું I cut.	મેં તમને દુ:ખ દીધું છે I have hurt you.
મેં કાપ્યું છે I have cut.	આ ચોપડીનો મને એક રૂપિઓ બેઠો This book cost me one rupee.

૭૫) To read ની જોડણી બદલાતી નથી ખરી, પણ ભૂતકાળ તથા ભૂતકૃદંતનો ઉચ્ચાર વર્તમાનકાળ કરતાં જૂદો થાયછે, જેમકે, હું વાચુંછું I read (રીડ), મેં વાંચ્યું I read (રેડ), મેં વાંચ્યું છે I have read (રેડ)

૭૬) ## અભ્યાસપાઠ ૧૯.

ત્રણે રૂપે સરખાં રહેછે એવાં અનિયમિત ક્રિયાપદ.

ફૂટવું to burst	દૂર કરવું to rid
you should	you would	you might	you could
they should	they would	they might	they could

ક્રિયાપદ છે, અને મૂળ ક્રિયાપદ પણ છે.

સહાયકારક છે. તેઓનાં સઘળાં રૂપ નથી.

પાઠ ૩૨.

કોષ્ટક બનાવવું.

બોધ

૧૩૩) To work ક્રિયાપદનું રૂપાખ્યાન.

	સાદું રૂપ.	ચાલુ રૂપ.
સામાન્ય રૂપ ……	To work	To be working
વર્તમાન કૃદંત ……	working	working
ભૂતકૃદંત …………	worked	having been working
નિશ્ચયાર્થ વર્તમાનકાળ	I work	I am working
ભૂતકાળ …………	I worked	I was working
ભવિષ્યકાળ ………	I shall work	I shall be working
પૂર્ણ વર્તમાનકાળ …	I have worked	I have been working
પૂર્વ ભૂતકાળ ……	I had worked	I had been working
પૂર્વ ભવિષ્યકાળ …	I shall have worked	I shall have been working

૧૩૪) **અભ્યાસ**

ઉપલા જેવું To Love

પાઠ ૨૭.

PARADIGM OF THE VERB TO WORK.

ભાર રૂપ.	પ્રશ્નાર્થ.	નિષેધાર્થ.	સહ્યભેદ.
		Not to work	To be worked
		not working	being worked
		not worked	having been worked.
I do work	Do I work ?	I do not work	I am worked
I did work	Did I work ?	I did not work	I was worked
	Shall I work ?	I shall not work	I shall be worked
	Have I worked ?	I have not worked	I have been worked
	Had I worked ?	I had not worked	I had been worked
	Shall I have worked ?	I shall not have worked	I shall have been worked

પાઠ ૩૩.

નું કોષ્ટક બનાવો.

બોધપાઠ ૨૮.

૧૩૫) To Praise નાં નિશ્ચયાર્થ તથા આજ્ઞાર્થનાં રૂપ, પુરુષ સહિત.

Full Conjugation of the Indicative and Imperative Moods of the Verb To Praise.

કૃદંત.		નિશ્ચયાર્થ.	આજ્ઞાર્થ.
સામાન્ય રૂપ To Praise વર્તમાનકૃદંત Praising	વર્તમાન કાળ...	I praise thou praisest he praises we praise you praise they praise	Let me praise praise let him praise let us praise praise let them praise
ભૂતકૃદંત Praised	ભૂતકાળ	I praised thou praisedst he praised we praised you praised they praised	
	ભવિષ્ય કાળ...	I shall praise thou wilt praise he will praise we shall praise you will praise they will praise	
	પૂર્ણ વર્તમાન કાળ....	I have praised thou hast praised he has praised we have praised you have praised they have praised	
	પૂર્વ ભૂતકાળ.	I had praised thou hadst praised he had praised we had praised you had praised they had praised	
	પૂર્વ ભવિષ્ય કાળ....	I shall have praised thou wilt have praised he will have praised we shall have praised you will have praised they will have praised	

१३६) **અભ્યાસપાઠ ૩૪.**

To Pray નું કોઠક ઉપલા જેવું બનાવવું.

બોધપાઠ ૨૯.

१३७) વિશેષણનાં અપેક્ષ્ય રૂપ.

THE COMPARISON OF ADJECTIVES.

૧. આ મોટું ઘર છે.
૨. આથી પેલું ઘર મોટું છે.
૩. મારા બાપનું ઘર સઉથી મોટું છે.

એવી રીતે ગૂજરાતીમાં વિશેષણનું રૂપાંતર કીધા વગર મુકાબલો કરેછે, પણ અંગ્રેજીમાં ઉપલાં વાક્યોનો તરજુમો એવો થાય કે;—

૧. This is a big house
૨. That house is bigger* than this
૩. My father's house is the biggest* of all

१३८) તેનો એવો નિયમ છે કે એક વર્ગના બે પદાર્થનો મુકાબલો હોય, તો er પ્રત્યય લગાડવો, અને તેજ વર્ગના બીજા બધા સાથે મુકાબલો હોય તો est લગાડવો.

१३९) વિશેષણનો અંત્યાક્ષર e હોય તો એક e ઉડીજાય છે, જેમકે, wise ડાહ્યો, wiser બીજા કોઇથી ડાહ્યો, wisest સઉ કરતાં ડાહ્યો.

१४०) વિશેષણ લાંબો શબ્દ હોય તો er પ્રત્યય નથી લગાડતા, પણ ક્રિયાવિશેષણ more (વધારે) વાપરે છે, જેમકે beautiful (સુંદર) more beautiful વધારે સુંદર. તેમ est ને બદલે most, જેમકે, most beautiful સર્વથી સુંદર, અથવા બહુજ સુંદર.

---

* બારમા ખંડક હેઠળની ટીકા જૂઓ તેમાં gg નો ખુલાસો મળશે.

૧૪૧) ઉદાહરણ.

ગામમાં આ માણસ સૌથી ઉદ્યોગી છે.	This is the most industrious man in the village.
બધા નિશાળીઆમાં તે સૌથી આળસુ છે.	He is the most idle of all the scholars.
અગાઉ કરતાં તે હાલ ખબરદાર છે.	He is more careful now than he was before.

૧૪૨) અભ્યાસપાઠ ૩૫.

ધાતુ a metal	સીદી લોક negroes
ભારે heavy	કાળું black, dark
સીસું lead	દસ્કત writing, hand-writing
હઠીલું stubborn	ફાટેલું, torn, ફાટુંટૂટું ragged
મીઠું sweet	ઉંઘણસી a sleepy-head
ચોખા rice	ઘરડું old
સોંઘું cheap	દુઃખી unhappy
કઠોળ pulse	આઘું distant
અનાજ grain	ચંદ્ર the moon
જુવાર *jowar*	બોરડી a *bore* tree
વહાલું લાગે એવું amiable	બાવળનું ઝાડ a *babul* tree
બુઠું blunt	સાધારણ common
છરો a cleaver	લાકડું wood
કાતર scissors, a pair of s.	ડુંગર a hill
ધારવાળું sharp	પહાડ a mountain
હાથી an elephant	બાવળનું લાકડું the wood of the *babul*
કામનું useful	
લીલું green	

૧ લોઢું ભારે ધાતુ છે, પણ સીસું તે કરતાં ભારે છે. ૨ આ હઠીલો છોકરો છે, પણ તેનો ભાઈ તેના કરતાં હઠીલો છે. ૩ આ સૌથી ગળી ખાંડ છે. ૪ તે બહુ ડાહી છોડી છે, પણ તેની બહેન તે કરતાં હુશિયાર છે.

૫ આ ચોખા સોંઘા છે. ૬ અમારા ગામ કરતાં આ ગામમાં કોળ સોંઘું છે. ૭ આ અનાજ કરતાં જુવાર સોંઘી છે. ૮ હાલ કરતાં આઠ મહિના ઉપર આ માણસનો છોકરો વહાલો લાગે એવો હતો. ૯ આ છરી બુઠી છે, પણ છરીથી પેલા ચપ્પુ બુઠો છે, અને સૌથી બુઠો આ છરો છે. ૧૦ આ સુડી કરતાં તે કાતર ધારવાળી છે. ૧૧ હાથી કરતાં ગાય કામનું પ્રાણી છે. ૧૨ દશ ગાય કરતાં હાથી મોટો છે. ૧૩ ઘાસ સઉ કરતાં (than anything else*) લીલું છે. ૧૪ સૌ માણસ કરતાં સીદી લોક કાળા છે. ૧૫ બીજા માણસ કરતાં સીદી લોક કાળા છે. ૧૬ તમારા દસ્કત કરતાં રામભાઈના સારા છે. ૧૭ નિશાળના બધા છોકરા કરતાં જમીયતરામના દસ્કત સારા છે. ૧૮ તમારાં લુગડાં ઘણાં ફાટેલાં છે. ૧૯ આજ હવા બહુ ગરમ છે. ૨૦ કાલ કરતાં આજ હવા બહુ ગરમ છે. ૨૧ તે મોટો ઊંઘણસી છે. ૨૨ આ માણસ ઘરડો છે. પણ તેનો ભાઈ તેના કરતાં ઘરડો છે. ૨૩ ગામનાં બધાં માણસ કરતાં આ ઘરડો છે. ૨૪ બધા નિશાળીઆ કરતાં તે હુશિયાર હતો. ૨૫ આજ કરતાં કાલે તે દુઃખી થશે. ૨૬ ચંદ્ર કરતાં સૂરજ મોટો ને આઘો છે. ૨૭ ગુજરાતી કરતાં મરાઠી અઘરૂં છે. ૨૮ બોરડી કરતાં બાવળનું ઝાડ ઊંચું છે. ૨૯ બધાં સાધારણ લાકડાં કરતાં બાવળનું લાકડું કઠણ છે. ૩૦ ડુંગર કરતાં પહાડ ઊંચો છે.

બોધપાઠ ૩૦.

અનિયમિત અપેક્ષ્ય રૂપ.

ADJECTIVES IRREGULARLY COMPARED.

૧૪૩) થોડાંક વિશેષણનાં અપેક્ષ્ય રૂપ નિયમ પ્રમાણે થતાં નથી.

સાદું રૂપ.	અન્યસાપેક્ષ્ય રૂપ.	સર્વસાપેક્ષ્ય રૂપ.
Positive Degree.	Comparative Degree.	Superlative Degree.
સારૂં Good	better	best
ખરાબ Bad	worse	worst

* આમાં બેનો મુકાબલો છે, એટલે anything else અને grass તે બે ચીજનો.

સાદું રૂપ.	અન્યસાપેક્ષ રૂપ.	સર્વસાપેક્ષ રૂપ.
નાનું, થોડું } Little	less	least
ઘણું Much, ઘણા Many }	more	most

૧૪૪) નિયમિત વિશેષણના દાખલા.

મોટું Large	larger	largest
ધોળું White	whiter	whitest
જાડું Fat	fatter	fattest
લાલ Red	redder	reddest
સૂકું Dry	drier*	driest
ફૂટડું, દેખાવડું Pretty	prettier*	prettiest
પ્રમાણિક Honest	more honest	most honest

ચતુર Intelligent, more intelligent, most intelligent.

૧૪૫) અભ્યાસપાઠ ૩૬.

થાન a web	હુશિયાર clever
ભારે કિમ્મતની expensive	દેખાવું to appear
અગાઉ before, formerly	ઠીંગણું short, low
બરફ snow	આમલી a tamarind
બદશિકલ ugly	ખાટું sour, acid
દોલતવાન rich, opulent	કાળું, ભૂરીઉ brown
પાડોસી a neighbour	ચાહ tea

૧ પેલા થાન કરતાં આ થાન સૂકું છે. ૨ પણ આ થાન કરતાં પેલું કિમ્મતમાં ભારે છે. ૩ તેનો એક પગ બીજા કરતાં મોટો છે. ૪ આ સૌથી સારો દિવસ છે. ૫ તમારા (yours) કરતાં આ ધારવાળો ચપ્પુ છે. ૬

* કશાનું ખંડક જૂઓ.

અગાઉ મારો અપ્પુ વધારે ધારવાળો હતો. ૭ બરફ દૂધ કરતાં ધોળું છે. ૮ ઇંગ્લાંડમાં બરફના વરસાદ વરસેછે. ૯ સુરત કરતાં અહમદાવાદથી ભરૂચ આઘું છે. ૧૦ તેનો ચહેરો ઘણો બદશિકલ હતો, પણ તેની ચાલ સારી હતી. ૧૧ પોતાના બાપ કરતાં તે મોટો માણસ થશે. ૧૨ ત્રણ ભાઈમાં ગુલાબચંદ મોટો છે. ૧૩ તેના ભાઈના કરતાં મારા નિમાળા લાંબા છે. ૧૪ ગામમાં સૌના કરતાં તે દોલતવાન છે. ૧૫ શું તમે તમારા પાડોસી કરતાં ડાહ્યા છો? ૧૬ તે સૌથી નાનો છોકરો સૌથી હુશિયાર થશે. ૧૭ તમારા સોબતી કરતાં તમે મને ખરાબ દેખાઓ છો. ૧૮ તે બહેનોમાંની એક બીજીથી ઠીંગણી છે. ૧૯ સુથારના છોકરા કરતાં માળીના છોકરા મોટા છે. ૨૦ કેરી કરતાં આમલી ખાટી છે. ૨૧ (કાળો) ભૂરીઓ બળદ કાળા કરતાં જાડો થશે. ૨૨ તે તેના નાના ભાઈ કરતાં ખરાબ હતો. ૨૩ તમારા કરતાં ઘેલાભાઈ સારો કાગળ લખેછે. ૨૪ સૌથી ભોળાનાથ સારો લખેછે. ૨૫ આ એક પાટિયું પેલા બીજા કરતાં નાનું છે. ૨૬ તમારા કરતાં મારી પાસે ઘણા રૂપિયા છે. ૨૭ પણ આ વાણીઆ પાસે સઉ કરતાં ઘણા રૂપિયા છે. ૨૮ મારી ચાહ તમારા કરતાં મીઠી છે. ૨૯ યૂરોપની નદી કરતાં અમેરિકાની મોટી છે. ૩૦ મારી લાકડી કરતાં મહેતાજીની નેતર પાતળી છે. ૩૧ આ બળદ સૌથી નાનો છે. ૩૨ આ છોકરો ચાલાક છે અને તેનો ભાઇ વધારે ચાલાક છે; પણ તેનો બાપ (ત્રણમાં) સૌથી ચાલાક છે.

બોધપાઠ ૩૧.

પુરૂષવાચક સર્વનામ વિષે.

THE PERSONAL PRONOUNS.

૧૪૬) ગૂજરાતીમાં હું, તું, તે, એ સામાન્ય જાતિ છે, અંગ્રેજીમાં પણ I (હું) તથા Thou (તું), સામાન્ય જાતિ છે; પરંતુ ત્રીજે પુરૂષે ત્રણ જાતિને સારૂ ત્રણ જૂદાં જૂદાં સર્વનામ થાય છે.

નરજાતિ સારૂ, He, નારી સારૂ She, અને નાન્યતર સારૂ It. પણ અનેકવચને તેઓનું એકજ રૂપ છે અને તે They છે.

નામની વિભક્તિ પ્રમાણે સર્વનામની વિભક્તિ થતી નથી, માટે તે બતાવવી જોઇએ.

૧૪૭) પુરૂષવાચક સર્વનામનું કોષ્ટક.

		કર્તા. Nominative.		સંબંધ. Possessive.		કર્મ. Objective.	
૧ પુરૂષ.	એકવચન.	હું	I	મારૂં	my, mine	મને	me
	અનેકવચન.	અમે	We	અમારૂં	our, ours	અમને	us
૨. પુરૂષ.	એકવચન.	તું	Thou	તારૂં	thy, thine	તને	thee
	અનેકવચન.	તમે	You	તમારૂં	your, yours	તમને	you
૩ જો પુરૂષ.	એકવચન.	તે	He	તેનું	his	તેને	him
	,, નારી.	તે	She	તેનુ	her, hers	તેને	her
	,, નાન્ય.	તે	It	તેનું	its	તે	it
	અનેક. સામાન્ય	તેઓ	They	તેઓનું	their, theirs	તેઓ	them

૧૪૮) સંબંધાર્થમાં બે રૂપ આવે છે. તેનો નિયમ એવો છે, કે નામ જોડે હોય તો પહેલું રૂપ વાપરવું, જેમકે, My book, their horses, અને નામ જોડે ન હોય તો બીજું રૂપ વાપરવું, જેમકે, This book is mine, The horses are theirs.

૧૪૯) પોતાનું એ સર્વનામ આવે છે, ત્યારે તેની જાતિ પુરૂષ તથા વચનનો વિચાર કરવો જોઇએ અને એ પ્રમાણે my, your, his, their વગેરેથી તેનો તરજુમો કરવો. જેમકે, મેં પોતાની આંગળી કાપી છે I have cut my finger. તેણીએ પોતાની ચોપડી ફાડી છે She has torn her book.

૧૫૦) અભ્યાસપાઠ ૩૭.

વાત કરવી to talk (to,with)	જોવું to look at
પિતરાઇ ભાઈ a cousin	ભીંજાવવું to wet
પૂલ a bridge	હવેતો but now, now however

માટે so, therefore	રક્ષણ કરવું to take care of
શું what?	પૈડું a wheel
મા not	બાઈ a lady, a gentlewoman
સાઈ કલમ pen and ink	હા yes
પિતર Peter (નામ છે)	ભોંય (કોટડીની) a floor
વડો, મોટો elder	ભૂસી નાખવું to rub out
દાબડી a small box	લાવી આપવું to bring to,to fetch

૧ હું મારા ભાઈ બહેનોને ચાહુંછું અને તેઓ મને ચાહેછે. ૨ મને એક કેરી આપો. ૩ તેની પાસે (to) જાઓ અને તેની સાથે વાત કરો. ૪ આ મારી મા છે, પણ તું તેની સાથે વાત કરતી નથી. ૫ તમારા પિતરાઈ ભાઈ સાથ ખેતરમાં જાઓ ને રમો. ૬ તે મારી મા હતી, મેં તેને પૂલ ઉપર જોઈ. ૭ આ મારી મા છે તેની પાસે જાઓ ને તેની સાથે વાત કરો. ૮ આ ખડિયો મારો છે કે તમારો? ૯ તે મારો છે માટે મને આપો. ૧૦ આ માખી છે તેને મારો મા. ૧૧ આ પિતરની સાઈ કલમ છે તે તેને આપજો. ૧૨ તું અમને દેખતો નથી, પણ અમે તને જોઈએ છઈએ. ૧૩ આપણે ઇશ્વરને જોતા નથી, પણ ઇશ્વર આપણને જૂએછે. ૧૪ મારો બાપ મારા કરતાં મારા વડા ભાઈને ચાહેછે. ૧૫ આ પેટી અમારી નથી, તે મારા ભાઈની છે. ૧૬ મારી નાની બહેને પોતાની દાબડી ભાગી નાખી. ૧૭ આ માખી છે તે જૂઓ. ૧૮ આ માખી છે તેની પાંખ જૂઓ. ૧૯ તે પાણીમાં પડી અને તેની પાંખ ભીંજાઈ. ૨૦ હવે તો તે હવામાં પોતાની પાંખ સૂકાવી નાંખશે. ૨૧ જૂઓ એટલામાં તેની પાંખ સૂકાઈ ગઈ. ૨૨ તમારૂં રક્ષણ ઈશ્વર કરેછે, તમે મેળે તમારૂં રક્ષણ કરી શકવાના નહિ. ૨૩ હું તેઓને ઓળખું છું. ૨૪ આ તેઓની ગાડી છે અને તેનું પૈડું ભાગી ગયલું છે. ૨૫ આ બાઈને હું ઓળખું છું તેનો છોકરો અમારી સાથે નિશાળે ભણેછે. ૨૬ શું આ ચપ્પુ તારો છે? ૨૭ હા તે મારો છે, તારો નથી. ૨૮ મારી ટોપી કોટડીમાં ભોંય પર પડી છે, તે મને લાવી આપો. ૨૯ આ છોકરાએ પોતાના અક્ષર ભૂસી નાખ્યા છે. ૩૦ તેની બહેને પોતાની ચોપડી ખોઈ છે.

બોધપાઠ ૩૨.

કોણ તથા જે ઈત્યાદિનો તરજુમો.

THE RENDERING OF કોણ, જે, &c.

૧૫૧) કોણ?=Who? જેમકે, કોણ એવું કહેછે Who says so?

કર્ત્તા.	સંબંધ.	કર્મ.
કોણ Who	કોનું Whose	કોને Whom

૧૫૨) તત્પદાપેક્ષક જેનો તરજુમો પણ who થી થાયછે. ઉદાહરણ ઉપરથી તેનો ફેર ઠીક માલમ પડશે.

૧૫૩) Who? (કોણ), Which? કયો, કઈ, કયું), What? (કયો, કઈ, કયું તથા શું), When? (ક્યારે), Where? (ક્યાં), Why? (શા સારૂ), How? (કેમ, કઈરીતે); એ બધા પ્રશ્નાર્થ છે અને વાકયના આરંભમાંજ આવેછે.

૧૫૪) **ઉદાહરણ.**

કોણ બોલેછે?	Who is speaking?
આ કોની ચોપડી છે?	Whose is this book?
તેં કોને માર્યો?	Whom did you strike?
જે છોકરા આવ્યા તે.	The boys who came.
જે છોકરા તમે લાવ્યા તે.	The boys whom you brought.
આપણી નિશાળે (જે) શીખવેછે તે શિક્ષક.	The teacher who teaches in our school.
હર કોઈ જે પરમેશ્વરને ચાહેછે તે સુખી રહેશે.	Every one who loves God will be happy.
જે છોકરાએ સાહીથી પોતાની ચોપડી ખરડી નાખી તે પેલો રહ્યો.	There is the boy who blotted his book.
તમે કઈ રીતે એવા સારા અક્ષર કાઢોછો?	How do you write so well?

કયો છોકરો?	What boy?
કઈ ચોપડી ખરડી?	Which book did he blot?
તમે શા સારૂ ગયા?	Why did you go?

૧૫૫) અભ્યાસપાઠ ૩૮.

કોઈની વાત કરવી to talk of, to speak of	દુઃખી હોવું, દુઃખ ભોગવવું to suffer
હોલો a dove	વાસ્તે for
દુરસ્ત કરવું, સમારવું to mend	ભરતનું કામ embroidery
આ રહ્યું here is	ચિત્ર a picture
વખાણવું to praise	શેઠ Shet, Mr.
	માનવું to obey

૧ જે માણસ આવ્યાં તે ક્યાં ગયાં? ૨ કોણ આવ્યાં હતાં? ૩ તમે કોની વાત કરોછો? ૪ જે છોડી હોલો લાવી તે બહુ દેખાવડી હતી. ૫ કઇ છોડી હોલો લાવી? ૬ જે હોલો લાવી તે પણ દેખાવડી હતી. ૭ જે સુથારે મેજ સમારી તે આ. ૮ જે છોકરાએ ચોપડી ફાડી તે આ રહ્યો. ૯ જે બાઈની દીકરી માંદી છે તે બહુ દુઃખી છે. ૧૦ જે માણસનો ૫ ઘોડો તમે વેચાતો રાખ્યો તે મરી ગયો. ૧૧ મારી જે બહેન માંદી છે તે પોતાના વૈદને વખાણે છે. ૧૨ જે માણસ વાડીમાં કામ કરેછે તે આ. ૧૩ કયાં માણસ વાડીમાં કામ કરેછે? ૧૪ તે છોકરીએ જે કામ પૂરૂં કર્યું તે સુંદર છે. ૧૫ તે છોકરીએ પોતાની મા વાસ્તે થોડું એક ભર્યું છે. ૧૬ જે ચિત્ર નસરવાનજી શેઠ પાસે તમે લીધું તે ક્યાં છે? ૧૦
૧૭ જે કુત્રાં તમને ભસ્યાં તે મારા ભાઈનાં નહોતાં. ૧૮ તમે શું કહોછો? ૧૯ કયાં કુત્રાં મને ભસ્યાં? ૨૦ જે છોકરાનાં વખાણ તમે કર્યાં તે મારો દીકરો છે. ૨૧ તમે શા ઉપરથી જાણોછો? ૨૨ તું ક્યારે મુંબઈ જશે? ૨૩ કયું સારૂં છે, આ કે આ? ૨૪ કાલે મેં વેચાતું લીધું તે આજ મેં વેચાતું લીધું તે કરતાં સસ્તું હતું. ૨૫ તમારો કયો ડગલો નવો છે? ૨૬ ૧૫
કોણ છે? ૨૭ મારો ભાઈ છે. ૨૮ કયો છોકરો સાથી નાનો છે? ૨૯ આ જોડો કોનો છે? ૩૦ પેલાં કોનાં છોકરાં છે? ૩૧ હું કેમ જાણું? ૩૨ કયો છોકરો સારો છે? ૩૩ શા સારૂ મારૂં માનતા નથી?

બોધપાઠ ૩૩.

Who (જે), Which (જે), That (જે), તથા What (જે, તે) વિષે.

The Relative Pronouns.

૧૫૬) Who પુરૂષવાચક સર્વનામ છે તેથી જનાવર તથા પદાર્થ જણાવવા સારૂ એક બીજું સર્વનામ Which કામમાં આવેછે. જેમકે, જે ઘોડો તમારી પાસે છે The horse which you have. Which ની સંબંધાર્થ વિભક્તિ whose પણ થાય છે.

૧૫૭) Which ને બદલે that ચાલે, The horse that you have. Who ને બદલે પણ That આવે, જેમકે, જે છોકરો રોજ નિશાળે આવેછે, The boy who (અથવા that) comes to school every day.

૧૫૮) What નાન્યતર જાતિનું છે અને તેનું રૂપાંતર થતું નથી. What ના બે અર્થ થાય છે. તે પ્રશ્નાર્થ સર્વનામ છે ત્યારે તેનો અર્થ "શું" થાય છે, જેમકે, તમે શું કહોછો? What do you say? વળી "જે તે" (that which) ની બરોબર છે; જેમકે, તમે જે બોલોછો તે હું સાંભળુંછું. I hear what (= that which) you say.

૧૫૯) અભ્યાસપાઠ ૩૯.

હેઠળ beneath, under
પાસે beside
(વહાણ) ભાગવું to be ship-wrecked
પહેલાં before
ફળ, મેવો fruit
અનનાસ a pineapple
લેવું, રાખવું, વેચાતું લેવું to buy, to purchase
સિપાઈ a policeman
નોતરેલું invited
ભાવવું to please
મને ભાવેછે I like the taste
ખાનું dinner
એટલું so much
બનાવવાનો going to prepare
તેનું શું કરવું તે what to do with it
ઉન્હાળો the summer
શકવું to be able, can
પાંચમું fifth
ફળનું ઝાડ a fruit tree

ડોસો an old man	વાડો a compound
કહેવાનો going to say	ઉગવું to grow

૧ જે બાયડી ઝાડ હેઠળ બેઠી હતી તે. ૨ જે કૂતરો બાયડી પાસે (બેસીને) રોટલો ખાયછે તે. ૩ જે કૂતરો રોટલો ખાતો હતો તે. ૪ તમે કહ્યું તે હું સમજ્યો. ૫ જે વહાણ ગયે વરસે ભાગી ગયું હતું તે મેં જોયું ૬ વહાણ ભાગી ગયા પહેલાં મેં જોયું હતું. ૭ મારી જે ચોપડી ખોવાઈ હતી તે મને જડીછે. ૮ આજ સવારે તમે ફળ વેચાતું લીધું હતું તે આ કે? ૯ મેં અનનાસ લીધું તે આ રહ્યું. ૧૦ મેં તમને મોકલ્યું તે તમને પહોંચ્યું? ૧૧ જે કલમથી તમે લખતા હતા તે હાલ મારી પાસે છે. ૧૨ કાલે તમે નિશાળે મોડા આવ્યા હતા. ૧૩ જે છોકરો રોજ મોડો આવેછે તે આ રહ્યો. ૧૪ જે કૂતરો તમારા ભાઈની પાસે છે, તે મારા કાકાનો હતો. ૧૫ જે દરજી તમારાં લૂગડાં શીવેછે તે ઘણોજ ગરીબ છે. ૧૬ જે શબ્દ તમે કહેવા ઇચ્છતા હતા તે મેં લખ્યો છે. ૧૭ તમારા જે પૈસા ખોવાયા છે તે એક સિપાઈને જડ્યા છે. ૧૮ કયા સિપાઈને જડ્યા છે? ૧૯ તેણે શું કહ્યું હતું? ૨૦ તેણે શું કહ્યું તે હું જાણતો નથી. ૨૧ કોને ઘેર તમે નોતરાએલા છો? ૨૨ ડોસા પાસેથી જે મેવો મેં લીધો તે ખાટો છે. ૨૩ જે ખાનું તમે આટલું બધું ચહાઓછો, તે આજ તમારે સારૂ મેં રાંધ્યું છે. ૨૪ તમને શું ભાવે છે? ૨૫ જે તમે બનાવવાના છો તે હું જાણુંછું. ૨૬ જે તમે કહેવાના હતા તે હું જાણુંછું. ૨૭ પાંચમી ચોપડીનું તમે શું કર્યું? ૨૮ ઉન્હાળામાં તમે કયાં જાઓછો? ૨૯ તમે જે લખ્યું છે તે વાંચી નથી શકતો. ૩૦ જે ઝાડ મારા બાપના વાડામાં છે, તે બધાં ફળઝાડ છે. ૩૧ તમે શા સારૂ ગુસ્સે થાઓછો? ૩૨ ઝાડ કેમ ઉગે?

બોધપાઠ ૩૪.

ક્રિયાવિશેષણ વિષે.

ADVERBS.

૧૬૦) ગુણવિશેષણમાં ly પ્રત્યય ઉમેરવાથી ક્રિયાવિશેષણ સાધિત થાય છે, જેમકે, wise wisely, wicked wickedly, weak weakly.

પણ કેટલાંક વિશેષણને મૂળથી ly હોયછે તેથી તેઓને છેડે ly હોયછે પણ તેઓ ક્રિયાવિશેષણ નથી, જેમકે holy, lively વગેરે.

૧૬૧) અભ્યાસપાઠ ૪૦.

ડહાપણથી wisely, prudently	ખરેખરૂં truly, indeed
ખરાબ, નઠારૂં badly	હિતકારક, પરોપકારશીળ benevolent
આગગાડીએ by rail	સ્પષ્ટ distinctly
ઘોડાપર on horseback	તોપણ yet
હિમ્મતથી courageously	નિર્ભયતાથી fearlessly
હારી જવું to be beaten, to lose the battle	હમેશાં constantly
	એમજ so, like this
મુર્ખાઇથી unwisely, foolishly	કાળજી રાખ્યા વગર,કાળજી વગર carelessly
વર્તવું to act	તેથી hence, so that
ઘણી વખતે frequently	ઓચિંતું suddenly
સાવધ થઇને cautiously	સંપથી harmoniously
સુખથી, સુખે, સુખમાં happily	આતુરતાથી eagerly
એકઠું together	કમાવું to earn
વાત, કામ an affair	પરલોક the next world
આબરૂથી honourably	વિચાર કરવો to think (of, about)

૧ તે ડહાપણથી ચાલેછે. ૨ તમારો પિતરાઇ ભાઇ કઇ રીતે લખેછે? ૩ તે બહુ ખરાબ લખેછે. ૪ તમે શીરીતે આવ્યા? ૫ હું આગગાડીએ આવ્યો. ૬ તમે સુરત કઇ રીતે જવાના છો? ૭ હું ઘોડાપર જવાનો છું. ૮ સિપાઇઓ હિમ્મતથી લડ્યા હતા, પણ હારી ગયા. ૯ તમે મૂર્ખાઇથી વર્ત્યા. ૫ ૧૦ તે ઘણી વખતે એમ કરેછે. ૧૧ તે સાવધ થઇને ચાલેછે. ૧૨ તેઓ બહુ સુખમાં એકઠા રહેછે. ૧૩ તે વાતમાં તે આબરૂથી વર્ત્યો. ૧૪ તે ખરેખરો પરોપકારશીળ માણસ છે. ૧૫ તે સ્પષ્ટ વાંચેછે. ૧૬ કામ જોખમ ભરેલું હતું તોપણ તે નિર્ભયતાથી વર્ત્યો. ૧૭ તે હમેશાં એમજ કરેછે. ૧૮ તે કાળજી રાખ્યા વગર લખેછે, તેથી સારૂં લખાતું નથી. ૧૯ તેને

તાવ ઓચિંતો આવ્યો. ૨૦ તે ઓચિંતા માંદા પડ્યા. ૨૧ તે ૧૦ ઓચિંતો મરી ગયો. ૨૨ ત્રણ વરસ સુધી તેઓ સંપથી રહ્યા. ૨૩ લોક આતુરતાથી પૈસા કમાય છે પણ પરલોકનો વિચાર થોડા કરેછે. ૧૩

૧૬૨) અભ્યાસપાઠ ૪૧.

પરચુરણ વાકય.

PROMISCUOUS SENTENCES.

ગરોળી a house lizard
નામે called
પ્રાણી an animal
કાળા ભૂરા રંગનું of a brown colour
ભીંગડું a scale
મગરી a female alligator
સેવાવું to be hatched
જમરૂખ a guava
સાપ a serpent
શોધી કાઢવું to search for
તેવુંજ immediately
ભણી towards
સેંકડો hundreds
મારીને ખાઈ જવું to devour
આગળ near
ત્યાંના લોક the people of that locality
મૂર્ખ foolish, stupid
પૂજા કરવી to worship
સારૂં. સારૂં ખવાડવું to supply with the best of food

૧ હિંદુસ્તાનની મોટી નદીઓમાં ઘણા મગર હોય છે.* ૨ મગર ગરોળી નામનાં નાનાં પ્રાણી† જેવા થાય છે. ૩ પણ ગરોળી બહુ નાની છે અને મગર ઘણાજ મોટા હોય છે. ૪ કોઇ મગર વીસ ફૂટ લાંબા થાય છે. ૫ મગર કાળા ભૂરા રંગના હોય છે. ૬ તેઓની પીઠ જાડાં ભીંગડાં છે. ૭ તેનું મોં બહુ લાંબું હોય છે, ને તેમાં ઘણા તીણા દાંત છે. ૮ મગરી નદી કે ૫
તળાવને કાંઠે રેતીમાં પોતાનાં ઇંડાં મૂકેછે. ૯ ત્યાં તે સૂરજના તાપથી સેવાયછે. ૧૦ એ ઇંડાં મોટાં જાંબુ કરતાં મોટાં હોય છે.

* ખંડક ૧૦૬ હું જૂઓ.

† નામનાં નાનાં પ્રાણી, those small animals called &c,

૧૧ સાપને મગરનાં ઇંડાં બહુ ભાવે છે, માટે તે તેને શોધી કાઢે છે અને
તે ખાયછે. ૧૨ મગરનાં બચ્ચાં ઇંડાંમાંથી નીકળેછે * તેવાંજ
૧૦ પાણી ભણી દોડેછે. ૧૩ પણ પાણી ભણી પોહોંચતાં પહેલાં પક્ષી તથા
બીજાં જાનવરો તેમાંનાં સેંકડો મારીને ખાઇ જાયછે. ૧૪ સીંધમાં †
કરાંચી આગળ એક તળાવ છે, તેમાં બહુ મગર છે. ૧૫ ત્યાંના
૧૩ કેટલાએક મૂર્ખ લોકો તેની પૂજા કરેછે, ને તેને સારૂં સારૂં ખવાડે છે.

---

* "The young alligators run towards the water immediately (અથવા as soon as) they come out of the egg." અથવા "No sooner are the —— out of the egg than they run &c."

† "Near Karachi in Sind there is a tank in which there are &c."

૧૬૩) કોષ.

VOCABULARY.

અક્ષર a letter, writing
અગાઉ before, formerly
અંગ્રેજી English
અચિંતુ sudden, suddenly
અજ્ઞાની ignorant
અટકવું to stop, to run down
અઠવાડિયું a week
અઢેલીને ઉભા રહેવું to lean
અથવા or
અધિકારીની સામા થવું to rebel
અનનાસ a pineapple
અનાજ grain, corn
અભ્યાસપાઠ an exercise
અમને us
અમારૂં our, ours
અમે we
અર્ધો રૂપિઓ half a rupee
અહિઆં here

આ this, these
આખું all, a whole, the whole
આગ fire, a fire
આગગાડીએ by rail
આંગણું a courtyard
આગલી પજારી a verandah
આગળ near
આઘું distant
આજ to-day
આજ સવારે this morning
આજારી a patient
આજ્ઞા a commandment
આઠ eight
આતુરતાથી eagerly
આંધળું blind
આંધળો blind (adj.), a blind man
આપવું to give
આબરૂથી honourably
આંબો a mango tree
આમલી a tamarind
આરંભવું to begin; આ રહ્યું here is
આ વખતે at this time
આવડવું to know
આવડેછે (મને) I know
આવતી કાલે to-morrow

આવવું to come
આવી પોહોંચવું to come up, to reach
આવું such
આળસુ lazy, idle

ઇચ્છા a wish
ઇંટ a brick
ઇંડું an egg
ઇનામ a prize
ઇશ્વર God

ઉકળવું to boil
ઉગવું to grow, to rise
ઉંઘણસી a sleepy-head
ઉંઘવું to sleep
ઉઘાડવું to open
ઉંચું tall, high
ઉછીનું આપવું to lend
ઉછીનું લેવું to borrow
ઉંટ a camel
ઊઠવું to rise
ઉડવું to fly
ઉડાઉ a spendthrift
ઉતાવળથી quickly
ઉંદર (મોટો) a rat, (નાનો) a mouse
ઉન્હાળો the summer
ઉપર on, upon

ઉભું રહેવું to stand
ઉભો standing

એક one
એકઠું together
એકલું alone, only
એટલું so much
એમજ so, like this
એવું this, thus
ઓટલો a verandah
ઓરવું to sow
ઓળખવું to know

કંઇનહિ nothing, nothing at all
કકડે કકડા કરવું to tear to pieces, to break to pieces
કઠોળ pulse
કડિયો a mason
કણિયો a corn-seller
કથવું to tell
કથા a story
કદી નહિ never
કપડું, કાપડ cloth
કપતાન a captain
કબુલ કરવું to confess, to consent to
કમાવું to earn

કરડવું to bite
કર ધાતુ the root *kara*
કરવું to do
કલમ a pen
કલાક an hour
કહેવા ઇચ્છવું, કહેવાની મતલબ હોવી to mean
કહેવાનો going to say
કહેવાયલું called
કહેવું to say
કહેવું (કોઇને) to tell
કાકાનું છોકરું a cousin
કાકો an uncle
કાગળ paper, a letter
કાંટો a thorn
કાતર scissors, a pair of scissors
કાંતવું to spin
કાપવું to cut
કામ an affair
કામ કરવું to work
કામનું useful
કામ પાડવું to deal with, to have dealings with
કારણકે because
કાલ સવારે to-mortow morning
કાલે yesterday, to-morrow
કાળજી રાખ્યા વગર, કાળજી વગર carelessly

કાળું black, dark
કાળું ભૂરીલું brown
કિમ્મત આપવી to pay for
કીડીઉં a bead
કુતરો a dog
કુંભાર a potter
કુહાડો a hatchet, an axe
કૂંચી a key
કૂંચી દેવી to lock
કૂંચી આપવી to wind up
કૂંચી શબ્દ the word *kúnchi*
કૂદવું to leap, to jump
કૂદીને ચઢી બેસવું to spring upon
કૂવો a well
કે or, that
કેટલાંએક, કેટલાંક some, several
કેમકે because
કેરી a mango
કેવળ only
કોઈ some
કોઈ દહાડો ever, at any time
કોઈ નહિ none, none at all
કોઈની વાત કરવી to talk of, to speak of
કોઈ વખતે sometimes
કોટડી a room
કોઠાર a granary

કોણ ? who ?
કોને ? whom ?
કોરવાળી ટોપી a hat
કોળવાઈ a trap, a rat-trap
ક્યાં ? where ? ક્યાં છે ? where is ?

ખગોળ astronomy
ખડબચડું rough
ખડિયો an inkstand, an ink-bottle
ખમવું to bear
ખરચવું to spend
ખરાબ bad, badly
ખરીદવું to purchase
ખરેખરૂં truly, indeed
ખવડાવવું to feed
ખાઈને રહેવું to live upon
ખાટલો a bedstead
ખાટું sour, acid
ખાંડ sugar
ખાણું dinner
ખારવો a sailor
ખાલી empty
ખાવા આપવું to supply
ખાવાની રૂચી appetite
ખાવું to eat
ખાવાનું (નામ) board
ખીજવવું to make angry
ખીલો a nail, a spike.
ખેંચવું to draw
ખેડવું to till
ખેડૂત a farmer
ખેતર a field
ખુરસી a chair
ખૂબ much, very much
ખોદવું to dig
ખોવું to lose

ગઈ કાલે yesterday
ગઈ રાત્રે last night
ગજવું a pocket
ગધેડું an ass, a donkey
ગંભીર serious
ગયે વરસે last year
ગરમ warm
ગરીબ poor
ગાઉ a kos
ગાડી a car
ગાડું a cart
ગામ a village
ગાય a cow
ગીત a song, a hymn
ગુંથવું to knit
ગુમાસ્તો a clerk
ગુલાબ a rose
ગુલાબનું ઝાડ a rose-bush
ગુસ્સે angry

ગોઠવવું to fix
ગોપ, ગોવાળ, ગોવાળીઓ a cowherd

ઘ અક્ષર the letter *gha*
ઘઉં wheat
ઘડવું to form, to forge
ઘડીઆળ a gong, a clock, a watch
ઘડીઆળને કૂંચી આપવી to wind up a watch, a clock
ઘડીઆળનો બૂરજ a clock-tower
ઘડીઆળમાં વાગેછે the clock strikes
ઘડો a waterpot
ઘણા many
ઘણા કામમાં હોવું to be busy
ઘણી વખતે frequently
ઘણું much, a great deal, copiously
ઘણું કરીને generally
ઘર a house
ઘરડું old
ઘરેણું jewelry
ઘા a wound
ઘાણી a mill
ઘાયલ થવું to be wounded
ઘાસ grass

ઘેટું a sheep
ઘેર, ઘરે home, at home, to ——'s
ઘોડાપર on horseback
ઘોડાવાળો a groom
ઘોડી a mare
ઘોડો a horse

ચકલી a sparrow
ચઢવું to rise
ચણા gram
ચતુર intelligent
ચંદ્ર moon
ચપ્પુ a penknife
ચરવું to graze
ચળકવું to shine
ચાક, ચાકી a wheel
ચાકર a servant
ચાર four
ચાલાક intelligent
ચાહા tea
ચિત્તો a leopard
ચિત્ર a picture
ચિતારો a painter
ચીમળાવું to wither
ચીરવું to slit, to split
ચૂનારો a lime-burner
ચૂનો lime
ચૂનો પકાવવો to burn lime

ચોખા rice
ચોગાન a courtyard
ચોંટવું, ચોંટાડવું to stick
ચોતરફ round
ચોપગું જનાવર a quadruped
ચોપડી a book
ચોર a thief
ચોરવું to steal

છ six
છત્રી an umbrella
છરી a knife
છરો a cleaver
છલંગ મારીને જવું to spring
છ વાગે at six o'clock
છાપરૂં a roof
છાવું to thatch
છિદ્ર a hole
છેટે distant, far off
છેતરવું to cheat, to deceive
છોકરૂં a child
છોકરો a son, a boy
છોડવું to leave
છોડી a daughter, a girl

જગા a place
જટા pendent roots
જડવું to find, મને જડે છે I find
જણવું to bear

જતન કરવું to preserve
જનાવર an animal
જમરૂખ a guava
જમવું to take one's dinner, to dine
જમીન the ground
જરા a little
જલદી fast, quickly
જવું to go
જાગવું to awake
જાડું fat
જાણવું to know, to think
જાહેરખબર, જાહેરખબરનો કાગળ an advertisement
જીતવું to win
જીન a saddle
જુવાન young
જુવાર jowar
જૂ a louse
જૂનું old
જોડવું to yoke
જોરથી violently
જોરાવર strong
જોવું to see, to look at
જ્યારે when

ઝડપી લેવું to snatch
ઝાડ a tree
ઝાલવું to seize

ઝાલી રાખવું to hold
ઝાલવું, ઝીલવું to catch
ઝુંટાવી લેવું to snatch
ઝુલવું, ઝુલાવવું to swing

ટટુ a pony
ટપાલનો સિપાઇ a postman
ટાંગવું to hang
ટાઢ cold, the cold
ટાઢું cold
ટોપી a cap
ટોપલી a basket

ઠપકો દેવો to blame
ઠરી જવું to freeze
ઠીંગણું short

ડંખવું to sting
ડગલો a coat
ડહાપણથી wisely
ડાહ્યું prudent, wise
ડુંગર a hill
ડોસી an old woman
ડોસો an old man

ઢીંગલી a doll
ઢોલ a drum
તજવું to forsake
તપખીર snuff
તબેલો a stable
તમને you
તમારૂં your, yours
તમે you
તરફ toward
તરવું to swim, to float
તલ a mote
તસુ an inch
તાપ heat, the heat
તારૂં thy, thine
તાવ fever
તાળું a lock, a padlock
તાળું દેવું to lock
તું thou, you
તુરંગ a jail
તુટેલું broken
તે (સર્વનામ) he, she, it
તે (વિશેષણ) that; તેઓ they
તેડી લાવવું to bring
તેથી hence, so that
તેનું his, her, hers, its
તેનું શું કરવું તે what to do with it
તેને ત્યાં at (to) his house
તેમને them
તેલ oil
તેવુંજ immediately
તો however, but
તોપણ yet

તોફાન a tempest
તોબરો a nose-bag
ત્યાં there
ત્યાં છે there is
ત્યાંના લોક the people of that locality
ત્યારે then
ત્રણ three
ત્રીજે ત્રીજે દિવસે every other day
ત્રીજે વરસે three years ago

થવું to become, to get
થાન a web
થાંભલો a pillar
થી from, than
થોડા few, a few
થોડા પૈસા a little money
થોડી વારમાં soon
થોડું little, a little
થોડો રોટલો some bread

દડો a ball
દરજી a tailor
દરદ pain
દરદ થવું to be painful
દરવાજો a door
દશ ten
દશ વાગેછે it strikes ten

દસ્કત writing, handwriting
દહાડો a day
દળવું to grind
દાંત a tooth
દાબડી a small box
દારૂ spirits
દિવસ a day
દિવાલ a wall
દીકરી a daughter
દીકરો a son
દીવેટ a wick
દુકાનદાર a shopkeeper
દુ:ખ pain
દુ:ખદેવું to hurt, to grieve
દુખવું to be painful
દુ:ખી unhappy
દુ:ખી હોવું to suffer
દુરસ્ત કરવું to mend
દુશમન ગણવું to hate
દૂધ milk
દૂર કરવું to rid
દેખાડવું to show
દેખાવડું beautiful
દેખાવું to look, to appear
દેવની પ્રાર્થના કરવી to pray to God
દેવલ a church
દોડવું to run
દોરડું a rope

દોરવું to lead
દોલતવાન rich, opulent
દોહવું to milk

ધસવું to rush
ધાતુ a metal
ધારવાળું sharp
ધિક્કારવું to despise, to hate
ધુણાવવું to shake, to nod
ધુમાડો smoke
ધૂળ dust
ધોવું to wash
ધોળાવવું to whitewash
ધોળું white

નકશો a map
નકામું useless
નઠારૂં bad, wicked, badly
નદી a river
નવ nine
નહવડાવાવું to be bathed
નહાવું to bathe
નહિ no
નળિયું a tile
ના ભાઈ no indeed
નાંખવું to throw, to cast
નાચવું to dance
નાતાલ Christmas
નાનું small, little

નાસવું to run away
નાળ બાંધવી } to shoe
નાળ જડવી }
નિમાળા hair
નિર્ભયતાથી fearlessly
નિશાળ a school
નિશાળે જવું to go to school
નીકળવું to come out, to go out
નેતર cane
નોકર a servant
નોતરાયલું invited
નોતરૂં દેવું to invite

પક્ષી a bird
પગ a foot, a leg
પગથિયું a step
પગની આંગળી a toe
પગ મૂકવો to tread
પછવાડે આવવું-જવું to follow
પછી (ક્રિયા વિ૦) afterwards
પજારી, પજારી નાંખેલો ઓટલો a verandah
પટાવાળો a peon
પડદો a curtain
પડવું to fall
પણ but, also
પત્થર a stone
પત્થરપાટી a slate

પથારી a bed
પર on, upon
પરપોટો a bubble
પરમેશ્વર God
પરલોક the next world
પરસેવો થવો to sweat
પરોપકારશીળ benevolent
પરોવવું to string
પલંગ a bedstead
પવિત્ર holy, pure
પસંદ કરવું to choose
પહાડ a mountain
પહેરવું to wear
પહેલાં before, formerly
પાગડી a turban
પાંચ five
પાંચમું fifth
પાછું back
પાંજરૂં a cage
પાઠ a lesson
પાઠ આપવો to say a lesson
પાઠ લેવો to hear a lesson
પાઠશાળા a college.
પાડવું to fell, to cut down, to shed
પાડોશી a neighbour
પાણી water
પાણીજ only water
પાણીની નળી a waterpipe
પાણી ભરવું to fetch water
પાથરવું to spread
પાનું a page
પાપ sin
પાપ કરવું to sin
પારકું strange, another's
પારકો a stranger
પાવડો a shovel
પાસે by, beside
પાસે હોવું to have
પાસેછે (મારી) I have
પિતર Peter (નામ છે)
પિતરાઈ ભાઈ a cousin
પિત્તળ brass
પીવું to drink
પુરૂષ a man
પુસ્તકશાળા a library
પૂજવું to worship
પૂજા કરવી to worship
પૂતળી a doll
પૂરૂં થવું to be done
પેટ ભરવું to support
પેટી a box
પેટે ચાલવું to creep
પેદા કરવું to create
પેલું that
પૈડું a wheel
પૈસા money
પૈસાદાર rich, wealthy

પૈસાની થેલી a purse
પૈસા બેસવા to cost
પોણું three-quarters of
(તેનું) પોતાનું his (નર), her (નારી), their (અનેકવચન)
પોતાના બે both his
પોતાનું બધું all his
પોહોંચવું to arrive
પ્યાલું a cup, a bowl
પ્રખ્યાત famous
પ્રમાણિક honest
પ્રયત્ન કરવો to strive
પ્રાણી an animal

ફડીઓ a distiller
ફરમાવવું to bid
ફરવા જવું to take a walk
ફળ fruit
ફળનું ઝાડ a fruit tree
ફાટી જવું to tear
ફાટું તૂટું ragged
ફાટેલું torn
ફાડવું to rend, to tear, to split
ફાડી ખાવું to devour, to prey upon
ફીક્કું pale
ફૂટ foot, feet
ફૂટડું beautiful, pretty
ફૂટવું to burst
ફૂલ a flower
ફૂલનું ઝાડ a flower plant
ફેંકવું to fling
ફેંકી દેવું to throw away
ફોડવું to break

બકરૂં a goat
બચ્ચું a young one
બજારે to market
બંડ ઊઠાવવું to rebel
બત્તી a light, a candle
બદન a vest
બદશીકલ ugly
બંદુકથી મારવું to shoot
બંધ કરવું to shut
બધું all
બનાવવું to manufacture, to make
બનાવેલું made (of)
બપોરે in the afternoon
બરફ snow, ice
બરોબર કરવું to fix
બસ enough
બહાર out
બહુ much, very
બહેન sister
બાઈ a lady, a gentlewoman
બાજરી millet, bájari

બાંધવું to bind, to build

બાપ a father

બાપડો poor

બાયડી a woman, a wife

બારી a window

બાવળનું ઝાડ a babul tree

બાળક a baby, an infant

બિછાનું a bed

બિલાડી a cat

બિલાડીનું બચ્ચું a kitten

બિહીવું to fear

બીચારૂં poor

બીછાનું a bed

બીજગણિત algebra

બીજાનું another's

બીર નામનો એક જાતનો દારૂ beer

બુઠું blunt

બૂડવું, બૂડાડવું to sink

બૂમ પાડવી to cry out, to shout

બે two

બેઠું sitting

બે વાર twice

બેસવું to sit, to rest

બેસવું (ઘોડાપર) to ride

બોર a *bore*

બોરડી a *bore* tree

બોરિયું a button

બોલવું to speak, to talk

બોલાવવું to call

ભજવું to worship

ભઠ્ઠી a kiln (કિલ)

ભડકવું to shy

ભણી towards

ભત્રીજો a nephew

ભયંકાર terrible

ભરતનું કામ embroidery

ભરવાડ a shepherd

ભરેલું full

ભરોસા કરવા જેવું honest

ભલું (ક્રિયાવિશેષણ) well

ભસવું to bark, to bark at

ભાઈ a brother

ભાંગવું (વહાણ) to be shipwrecked

ભાંગવું to break

ભાભી a brother's wife, a sister-in-law

ભારે heavy

ભારે કિમ્મતનું expensive

ભાવવું to please the taste

ભાષા a language

ભિખ માગવી to beg

ભિખારી a beggar

ભીંગડું a scale

ભીંજાવવું to wet

ભીંત a wall

ભૂગોળ geography
ભૂગોળની (ચોપડી) a geography
ભૂરીઉં (કાળું) brown
ભૂલથી ગણવું to mistake
ભૂલ્યો mistaken
ભૂસી નાંખવું to rub out
ભૂસ્તરવિદ્યા geology
ભેટ a present
ભેંસ a buffalo
ભોંય કોટડીની a floor

મકાઈ Indian corn
મગર an alligator
મગરી a female alligator
મજૂર a labourer
મને me
મને ભાવેછે I like
મને મળેછે I meet
મને મળ્યું I met
મરદ a husband, a male
મરાઠી Marathi
મરીજવું to die
મહેતાજી a master
મહેલ a palace
મા a mother
મા (ક્રિયાવિશેષણ) not
માં (શબ્દયોગી) in, into
માખી a fly
માગવું to want, to ask for
માછલું a fish
માછી a fisherman
માટે so, therefore
માણસ a man
માંથી out of
માથે લેવું to undertake
માદરપાટ calico
માંદું ill, sick
માંદો a patient
માનવું to obey
માફ કરવું to forgive
માબાપ parents
મારવું to strike, to beat
મારવું (મારી નાંખવું) to kill
મારાં બે both my
મારીને ખાઈજવું to devour, to prey upon
મારી પાસ beside me
મારૂં my, mine
મારૂં બધું all my
માળી a gardener
માળો a nest
મિત્ર a friend
મીઠું sweet
મુંબઈની કેરી a Bombay mango
મુશ્કેલ difficult
મુસાફર a traveller

મુસાફરી કરવી to travel
મૂકવું to lay, to put, to place
મૂરઘી a hen
મૂરઘો a cock
મૂર્ખ foolish, stupid
મૂર્ખાઈથી unwisely, foolishly
મૂર્ત્તિ an idol
મેં by me, I
મેજ a table
મેલવું to set
મેવા fruit
મેળવવું to get
મોકલવું to send
મોંઘું dear
મોજું a sock, a stocking
મોટું big, large, elder
મોટો elder
મોળવું to shred

રક્ષણ કરવું to take care of
રજ a mote
રજા આપવી to let, to permit
રમકડું a toy
રમવું to play
રસોઈઓ a cook
રસોઈ કરવી to cook
રસ્તો a road, a street
રાખવું to keep, to buy, to purchase

રાજા a king
રાતે during the night
રાતમાં during the night
રાંધવું to cook
રાહ જોવી to wait for
રૂમાલ a handkerchief
રેંટીઓ a spinning-wheel
રોજ daily, every day
રોટલો bread, a loaf
રોવું to weep

લઈ લેવું to take away
લખવું to write
લંગડો a lame man
લગાડવું to attach (to)
લપસવું to slide
લપેટવું to wind
લપેટ્યું wound (વીંડ)
લશ્કર an army
લાઈ paste
લાકડું wood
લાકડું a piece of wood
લાકડાં sticks, firewood
લાકડાનું wooden
લાકડી a stick, a staff
લાત મારવી to kick
લાંબું long
લાલ red
લાવવું to bring

લાવી આપવું to bring, to fetch
લીધે on account of
લીલું green
લુચ્ચો a rogue, a villain
લુલું lame
લુવાર a blacksmith
લૂગડું a dress
લુગડાં, તૈયાર લુગડાં clothes
લૂટવું to rob
લૂટારો a robber
લેવું to take
લોક people
લોંકડું a fox
લોઢું iron
લોઢાની સળી an iron rod
લોહી નીકળવું to bleed

વખણાવું to be praised
વખાણવું to praise
વગડાઉ wild
વચન આપવું to promise
વછેરો a fool
વડ a banyan tree
વડો elder, eldest
વણવું to weave
વધવું to grow, to thrive
વર્તવું to act
વર્ષ a year
વરસવું to rain
વરસાદ વરસેછે it rains, it is raining
વસંતઋતુ the spring
વહાલું લાગે એવું amiable
વહેંચવું, પોહોંચાડવું to deliver
વહેવાર રાખવો (લેણદેણ વગેરેનો) to deal
વળવું, વાળવું to bend
વા the wind
વાગવું, વગાડવું to ring, to hit
વાઘ a tiger
વાંચવું to read
વાજું વગાડવું to play on a musical instrument
વાડ a hedge
વાડી a garden
વાડો a compound
વાત an affair
વાત કરવી to talk (to, with)
વાંદરો a monkey
વાપરવા આપવું to lend
વારવું to forbid
વાવું to blow
વાસ આવવી to smell
વાંસફોડો a bamboo-worker
વાસ્તે for
વિચાર કરવો to think (of, about)
વિચારવું, જાણવું to think

વિચારવંત thoughtful
વિષે about, of
વિસરવું to forget
વેચવું to sell
વેચાતું લેવું to buy, to purchase
વેહેલું early
વેહેલાસમજી જાય એવું intelligent
વૈદ physician
વ્યાકરણ grammar

શકવું to be able, can
શત્રુ an enemy
શરીર the body
શાક vegetables
શિયાળામાં in winter
શિકારી a huntsman
શિકારી કુત્રો a hound
શિક્ષક a teacher
શિક્ષા કરવી to punish
શીખવું to learn
શીખવવું to teach
શું ? what ?
શેત્રંજી a carpet
શેઠ Shet, Mr.
શેઠ a master
શેર a pound, a pint
શોધવું to seek
શોધી કાઢવું to search

સગો a relative
સડક a made road
સંતાડવું to hide
સત્તાવીસમું twenty-seventh
સંપથી harmoniously
સંભળાવવું (કહી) to tell
સંભાળવું to preserve
સમ ખાવા to swear
સમજવું to understand
સમડી a kite
સમારવું to mend
સરોવર a lake, a pond
સર્વે all
સવાર થઈને જવું, સવારી કરવી to ride
સવારે in the morning
સસલો a rabbit
સાહીકલમ a pen and ink
સાંકડો narrow
સાંઝ પહેલાં before evening
સાંઝે in the evening
સાડાત્રણ three and a half
સાત seven
સાત વખત seven times
સાથી a companion
સાથે with
સાધારણ common

સાપ a serpent
સાબર a deer
સાંભળવું to hear
સામા થવું to rebel
સારીપેઠે well
સારૂ for
સારૂં good
સારૂં સારૂં very good, the best
સારૂં થવું to get better
સાવધ થઇને cautiously
સાહુડી a porcupine
સાહેબ a European gentleman
સિઢી a ladder, stairs
સિપાઈ a policeman, the police, a peon, a sepoy, a soldier
સિંહ a lion
સીદી લોક negroes
સીવવું to sew
સીસાપેન a pencil
સીસી a bottle
સીસું lead
સુખથી happily
સુખી happy
સુથાર a carpenter
સુથારનું કામ carpenter's work
સુંદર handsome, pretty, beautiful
સૂઈ જવું to go to bed
સૂઈ રહેવું to lie, to lie in bed
સૂકાઇને ચઢી જવું to shrink
સૂકું dry
સૂકું ઘાસ hay
સૂતું lying
સૂરજ the sun
સૂવાની કોટડી a bedroom
સૂવું to lie down
સૈંકડો hundreds
સેવાવું to be hatched
સોંઘું cheap
સોડમ a smell
સોબતી a friend, a companion
સોય a needle
સ્પષ્ટ distinctly
સ્વપ્નું આવવું to dream

હજામ a barber
હઠીલું stubborn
હથિયાર a tool
હમણા now, just now
હમેશાં constantly
હરાવવું to defeat
હલાવવું to shake
હવા air, the weather

હવાડો a water-trough
હવેતો but now, now however
હંસ a goose
હસવું to laugh
હળ ખેડવો to plough
હા yes
હાંકવું to drive
હાડકું a bone
હાથ a hand
હાથ ફેરવી જોવો to feel
હાથનું મોજું a glove
હાથી an elephant
હારી જવું to be beaten, to lose the battle
હાલ now, at present
હાલવું, હલાવવું to shake
હાંલ્લું an earthen vessel
હિતકારક benevolent
હિમ્મતથી courageously
હિસાબ કરવા to do sums
હીંચકા ખાવા, હીંચકા નાખવા to swing
હું I
હુકમ a command
હુશિયાર clever
હેઠળ beneath
હોલો a dove

BOMBAY: PRINTED AT THE EDUCATION SOCIETY'S PRESS, BYCULLA.